Website: http://www.allimagetool.com

# સુલભ મેઘાણી-સાહિત્ય



ઝવેરચંદ મેઘાણીનાં કેટલાંક લોકપ્રિય પુસ્તકો સસ્તી કિંમતે બહાર પાડવાનો આ કાર્યક્રમ લેખકના કુટુંબ તરફથી ૧૯૭૬માં આરંભાયો. આ યોજના હેઠળ પ્રકાશિત થતા પુસ્તક-સંપુટો બજાર-ધોરણ કરતાં ઘણી ઓછી કિંમતે મળી શકે છે.

**સંપુટ ૧ ( ૧૯૭૬ )**

તુલસી-ક્યારો, પુરાતન જ્યોત, પ્રતિમાઓ

**સંપુટ ૨ ( ૧૯૭૮ )**

કાળચક્ર, વિલોપન, સમરાંગણ

**સંપુટ ૩ ( ૧૯૮૦ )**

સૌરાષ્ટ્રની રસધાર ( ૫ ભાગ )

**સંપુટ ૪ ( ૧૯૮૧ )**

સોરઠી બહારવટિયા ( ૩ ભાગ ), દરિયાપારના બહારવટિયા, પરકમ્મા

**સંપુટ ૫ ( ૧૯૮૧ )**

સોરઠ તારાં વહેતાં પાણી, વસુંધરાનાં વહાલાં-દવલાં, બીડેલાં દ્વાર, પલકારા

Website: http://www.allimagetool.com

# સૌરાષ્ટ્રની રસધાર

Al125

ભાગ

૨

ઝવેરચંદ મેઘાણી

ક્રાન્તિ ઠાકર
૨૭, ગિરનાર સોસાયટી
જૂનાગઢ

પ્રસાર

Website: http://www.allimagetool.com

## આવૃત્તિઓ

પહેલી : ૧૯૨૪, બીજી : ૧૯૩૧, ત્રીજી : ૧૯૩૭, ચોથી : ૧૯૪૪,
પાંચમી : ૧૯૪૭
પુનર્મુદ્રણ : ૧૯૫૧, ૧૯૫૫, ૧૯૫૮, ૧૯૬૨, ૧૯૬૭, ૧૯૭૦, ૧૯૭૩
સુવર્ણ-જયંતી ( છઠ્ઠી ) આવૃત્તિ : ૧૯૮૦, પુનર્મુદ્રણ ૧૯૮૨, ૧૯૮૩

**: પુસ્તકાલયો માટે સૂચીકરણ :**

મેઘાણી ઝવેરચંદ કાળીદાસ ( ૧૮૯૬–૧૯૪૭ )
સૌરાષ્ટ્રની રસધાર.—આ. ૬.—ભાવનગર :
પ્રસાર, ૧૯૮૦, પુનર્૦ ૧૯૮૩.
પાંચ ભાગ.

વર્ગાંક : 398.22

ગુજરાતી પુસ્તકોની કિંમતોના વર્તમાન
ધોરણે આ પુસ્તકની કિંમત રૂ. ૨૦
હોય, છતાં આ પુસ્તકની કિંમત છે માત્ર

**રૂ. ૯**

[ પાંચ ભાગની કિંમત રૂ. ૮૦ ]

પ્રકાશક :
જયન્ત મેઘાણી
પ્રસાર, ૧૮૮૮ આતાભાઈ એવન્યૂ, ભાવનગર ૩૬૪૦૦૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ

Website: http://www.allimagetool.com

# પ્રકાશકનું નિવેદન

'સૌરાષ્ટ્રની રસધાર'નો પહેલો ભાગ સહુ પ્રથમ ૧૯૨૩માં બહાર પડ્યો હતો, અને પાંચમો ભાગ ૧૯૨૮માં. આમ ૧૯૭૮-માં આ પુસ્તકોની સુવર્ણજયંતી હતી. આ સુલભ આવૃત્તિ બહાર પાડવાની અમારી ઇચ્છા કાગળની અછત અને મોંઘવારીને લીધે ત્યારે પાર ન પડી. આજે, બે વરસ પછી, થોડી અનુકૂળતા થઈ છે તેથી આ સસ્તી સુવર્ણજયંતી આવૃત્તિ પ્રગટ કરતાં લેખકનું કુટુંબ આનંદ અનુભવે છે.

આ કથાઓમાં આવતા દુહા-છંદોમાં કેટલીક ભૂલો અગાઉનાં મુદ્રણો વખતે શિથિલ પ્રૂફવાચનને કારણે ઉત્તરોત્તર દાખલ થઈ ગઈ હશે અને કેટલાક મૂળ પાઠો જ ક્ષતિવાળા હશે એ વાત તરફ ડિંગળી સાહિત્યના અભ્યાસી શ્રી રતુભાઈ રોહડિયાએ અમારું ધ્યાન દોર્યું અને આવી ભૂલો તારવી આપી. આ પછી પહેલાથી છેલ્લા પાના સુધીના તમામ કાવ્યાંશોની શુદ્ધિ તપાસી લેવાનું અમે યોગ્ય ધાર્યું. શ્રી રતુભાઈ રોહડિયા ઉપરાંત શ્રી તખતદાન રોહડિયાએ સૂચવેલાં ક્ષતિઓ-પાઠાન્તરો શ્રી મકરન્દ દવેની વિવેકવંતી સરાણે ચડીને પાર ઊતર્યાં અને આ આવૃત્તિમાં સમાવી લીધાં છે. આ દરમિયાન કેટલીક શંકાઓ ઊભી થઈ એ અંગેની સ્પષ્ટતાઓ શ્રી બળદેવભાઈ નરેલાએ અને શ્રી જયમલ્લ પરમારે પૂરી પાડી છે. 'રસધાર'ના ત્રીજા ભાગને છેડે (અને ચોથા ભાગની ત્રીજી આવૃત્તિને અંતે) તળપદા સોરઠી શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થો આપ્યા છે. આ કથાઓમાં આવતા બીજા અનેક શબ્દો અને રૂઢિ-પ્રયોગોના અર્થો આટલા કાળાન્તરે ઉમેરવા જેવા લાગ્યા એ શ્રી ખોડી-દાસ પરમારે તૈયાર કરી આપ્યા; એનો ઉપયોગ કરીને આ અર્થસારણી વિસ્તારી છે. આ ઉમેરણને પણ શ્રી મકરન્દ દવેની ચકાસણીનો લાભ મળ્યો છે. 'રસધાર'ની આ આવૃત્તિ હવે આમ વિશેષ પ્રમાણભૂત બને છે એમાં આ સહુ મિત્રો-સ્નેહીઓના ઝાઝા હાથ રળિયામણા નીવડ્યા છે. એમાં એમનો 'રસધાર' અને તેના લેખક પ્રત્યેનો ઊંચો પ્રેમાદર જોઈએ છીએ અને અમારો આભાર વ્યક્ત કરીએ છીએ.

Website: http://www.allimagetool.com

છેલ્લી કેટલીક આવૃત્તિઓથી બાદ દેવાયેલ પ્રવેશક આ આવૃત્તિમાં ફરી સામેલ કર્યો છે. પ્રવેશક અને સોરઠી શબ્દોના કોશનું સ્થાન અગાઉની આવૃત્તિઓમાં ત્રીજા ભાગમાં રહ્યું છે એ આ આવૃત્તિમાં પણ તેમ-નું-તેમ રાખ્યું છે.

પુસ્તકોનાં દામ આસમાને પહોંચ્યાં છે ત્યારે ગુજરાતની આ લાડીલી ચોપડીઓ તેના આગોતરા ગ્રાહકોને વર્તમાન બજારધોરણ કરતાં ત્રીજા ભાગની કિંમતે સુલભ કરી શક્યા છીએ તેનો અમને સંતોષ છે.

૨૮ ઓગસ્ટ, ૧૯૮૦ : ૮૪મી મેઘાણી જયન્તી

Website: http://www.allimagetool.com

# લેખકનું નિવેદન

## [ બીજી આવૃત્તિ ]

સાત વર્ષ પર લખાયેલી પહેલી આવૃત્તિમાં ઘણો કૂથો હતો તે કાઢી નાખ્યો છે. લખાવટ બીજી 'રસધારો'ની કક્ષામાં આણી છે. સુધારાવધારા કર્યા છે. પહેલી બે કથાઓનાં ૪૨ પાનાં નવીન ઉમેરેલાં છે. 'આઈ જાસલ' શ્રી જગજીવન કા. પાઠકની લખેલી કથા છે. આ આવૃત્તિમાં પણ એ રહેવા દેવા બદલ તેમનો આભાર માનું છું.

કાર્તિકી પૂનમ : સં. ૧૯૮૭ ઝ. મે.

## [ પહેલી આવૃત્તિ ]

'રસધાર'ના પ્રથમ ભાગની તારીફ કરનારાઓ તો મળ્યા એ પરમાત્માની કરુણા. પરંતુ એની ત્રુટિઓ બતાવનારા બે સ્નેહીઓની સલાહ મને તારીફ જેટલી જ મીઠી લાગી છે. સૌરાષ્ટ્રની જૂની વાર્તાઓમાં સાંગોપાંગ સોરઠી શબ્દ-પ્રયોગ, સોરઠી અલંકારો અને શૈલીનો ઝોક પણ સોરઠી હોવો જોઈએ, એ એમની ભલામણ હતી. મેં આ ભાગમાં એને અનુસરવાનો યત્ન કર્યો છે. બિન-સૌરાષ્ટ્રીઓને સહાયક બનવા જેવો તેવો કોશ પણ આપ્યો છે.

આ સંગ્રહમાં એકેક ગામડાનું ઐતિહાસિક પાત્ર ઊભું છે. દંતકથા પણ અણુલખ્યો અને અણુશોધ્યો ઇતિહાસ જ છે. એને નવલકથા બનાવવા માટે વર્ણનોથી કે કલ્પિત વાર્તાલાપોથી લાદવા કરતાં પ્રત્યેક પાત્રને એની સાદી રીતે જ મૂકવું સારું. તમામ વાતોમાં પાત્રોના વિકાસ નથી કારણ કે એ પાત્રોનાં જીવનની માત્ર એક-બે ઘટનાઓ જ હાથ લાગે છે, બાકી બધી અંધકારમાં વીંટળાયેલ હોય છે. વળી તમામ વીર-વીરાંગનાઓનાં જીવન સર્વાંગ સુંદર પણ ન હોય કેમ કે એ યુગ અસ્થિરતાનો હતો. આંહીં બતાવેલી તેઓની ભવ્યતા તો જીવની અમુક દિશા પૂરતી જ સમજવી.

જુલાઈ ૧૯૨૪ ઝવેરચંદ મેઘાણી

Website: http://www.allimagetool.com

# ક્રમ


૧. ધૂંધળીનાથ અને સિદ્ધનાથ ૩
૨. રા' નવઘણ ૧૮
૩. એક તેતરને કારણે ૪૯
૪. એક અબળાને કારણે ૬૪
૫. સિંહનું દાન ૭૩
૬. વર્ણવો પરમાર ૭૭
૭. આલમભાઈ પરમાર ૮૨
૮. દીકરો ! ૯૪
૯. ઢેઢ કન્યાની દુવા ૧૦૨
૧૦. આઈ જાસલ ૧૦૭
૧૧. કામળીનો કોલ ૧૧૫
૧૨. આંચળ તાણનારા ! ૧૨૩
૧૩. મોત સાથે પ્રીતડી ૧૩૦
૧૪. કરપડાની શૌર્યકથાઓ
[ ૧ ] 'સમે માથે સુદામડા' ૧૩૩
[ ૨ ] ફકીરો કરપડો ૧૩૯
[ ૩ ] વિસામણ કરપડો ૧૪૧
૧૫. કાળો મરમલ ૧૫૨
૧૬. કાંધલજી મેર ૧૫૮
૧૭. કાળુજી મેર ૧૬૩
૧૮. મૂળુ મેર ૧૬૮
૧૯. ચારણની ખોળાધરી ૧૭૨
૨૦. પરણેતર ૧૭૯

Website: http://www.allimagetool.com

# સૌરાષ્ટ્રની રસધાર

## ભાગ ૨

Website: http://www.allimagetool.com

Website: http://www.allimagetool.com

## ૧

# ધૂંધળીનાથ અને સિદ્ધનાથ

“તે દુ’ની વાતું હાલી આવે છે, ભાઈ! અરધી સાચી ને અરધી ખોટી. હજાર વરસની જૂનિયું વાતું! કોણ જાણે છે શી બાબત હશે!”

એટલું બોલીને એ બુઢ્ઢા માલધારીએ દિશાઓને છેડે મીટ માંડી. એક હજાર વર્ષ પહેલાંના અક્ષરો વાંચ્યા. થોડુંક હસ્યો. ડાંગને ટેકે ઊભાં ઊભાં એણે ચલમ સળગાવી. એની ધોળી દાઢીમાંથી ધુમાડા નીતરવા લાગ્યા. ગોટેગોટા ઊંચે ચડવા લાગ્યા. મોં મલકાવી એણે કહ્યું:

“ઈ બધું આવું, ભાઈ! આ ધુમાડા જેવું. અમારા સોરઠમાં તો કૈંક ટાઢા પો’રના ગપાટા હાલે છે; પણ હું તો આ ઢાંકને ડુંગરે ડાંગનો ટેકો લઈને જ્યારે ચલમ ચેતવું છું, ત્યારે મને તો ધૂંધળીનાથ-સિદ્ધનાથની જોડી જીવતીજાગતી લાગે છે. હજાર વરસ તો મારી આંખના પલકારા જેટલાં જ બની જાય છે. આ ધૂંવાડાની ફૂંક જેવો ધૂંધળાવરણો ધૂંધળીનાથ અને આ આગની ઝાળ જેવો હેમવરણો રૂડો સિદ્ધનાથ હાજરાહજૂર લાગે છે.”

“વાત તો કહો!”

“અરે વાત કેવી? ઈ તો ટાઢા પો’રના! બે ઘડી ગપાટા હાંકીને ડોબાં ચારીએ. થોડીક રાત ખૂટે! આ તો

Website: http://www.allimagetool.com



વેલાંની વાતું. મોઢામોઢ હાલી આવે, એના કંઈ આંકડા થોડા માંડેલ છે ?"

એટલું બોલતાં એની આંખમાં ચલમનો કેફ ચડતો ગયો. આંખના ખૂણા લાલચટક બન્યા, અને ડાંગને ટેકે એણે અજવાળી રાતે વાત માંડી...

૧

ધૂંધળીનાથનું અસલ નામ તો ધૂંધો; જાતનો કોળી. આ વાંસાવડ ઢીમનો રે'તો. હું પીઉં છું એવી બજરના વાડા વાવતો. જલમ કોળીને પેટ પણ જીવ પરોવાણો દયાદાનમાં. હિંસા નામ ન કરે. વરસો વરસ બજરનાં પડતલાં વેચીને જાય ગિરનારને મેળે. નાણું હોય એટલું ગરીબગરબાંને ખવરાવી દ્યે, પાછો આવીને બજર વાવવા માંડે.

ધીરે ધીરે તો ધૂંધો ને ગિરનાર બેય એકાકાર થાવા માંડ્યા. જેવું ધ્યાન તેવું દિલનું ગજું : જેવું અન્ન તેવો ઓડકાર : ધૂંધાને તો ગિરનારનું જ ધ્યાન રાત ને દી લાગી ગયું. એનો આતમો વધવા માંડ્યો. સંસારની ગાંઠ વછૂટી ગઈ. બજરના વાડા ગાયું પાસે ભેળાવીને એ તો ગિરનારમાં ચાલ્યો ગયો. કોઈક ટૂંક ઉપર બેસીને ધૂણી ધખાવી તપસ્યા આદરી દીધી. એમ બાર વરસે ગિરનારની ગુફાઓમાંથી ગેબના શબ્દ સંભળાણા કે : "ધૂંધળીનાથ ! ધૂંધળીનાથ ! નવ નાથ ભેળો દસમો નાથ તું ધૂંધો."

'આદેશ !' શબ્દની સાથે ગુરુ દત્તે ધ્યાન ધર્યું અને નવ નાથોનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં તો જોગસિદ્ધ મછેન્દરનાથ, જલંધરનાથ, શાંતિનાથ, એવા નવ નાથો ગુરુની સન્મુખ હાજર થઈ ગયા. ગુરુ બોલ્યા : "જોગંદરો, આપણી જમાતમાં આજ નવો સિદ્ધ આવ્યો છે. તમે નવ નાથ ભેળા એ દસમો ધૂંધળીનાથ તમારી પંગતમાં જગમાં

Website: http://www.allimagetool.com



પૂજાશે. મારો આશીર્વાદ છે. તમારી ચલમ, સાફી* એને આપો.”

જોગંદરનાથ બધા ભેળા થાય ત્યારે એક સાફીએ ચલમ પીએ, બીજાને ચલમ આપે. પણ સાફી ન આપે. ધૂંધળી-નાથને ચલમ આપી. સાફી આપતાં નવે સિદ્ધો કચવાણા. ગુરુદેવે કારણ પૂછ્યું. નવ નાથોએ ખુલાસો કર્યો “ગુરુ-દેવ, ધૂંધો નાથ ખરો, પણ એનું દૂધ હલકું છે; એ દૂધ કોક દી એને હાથે કોક કાળો કામો કરાવશે. એટલે ધૂંધળી-નાથજી હજી વધારે તપ કરે, વધારે શુદ્ધિ કરે, પછી અમે સાફી આપીએ.”

અને ગુરુ દત્તનો બોલ પડચો કે “ધૂંધળીનાથ! બાર વરસ બીજાં: આબુમાં જઈ ધૂણી પ્રગટો! જાવ બાપ! ચોરાસી સિદ્ધની પંગતમાં તમારી વાટ જોવાશે.”

આબુની અવધિ પણ પૂરી થઈ અને તપ કરી ધૂંધળી-નાથ પાછા ગુરુ પાસે આવ્યા. ફરી ગુરુએ નવ નાથને હાજર કર્યા. અને બધાએ સાથે મળી એક સાફીએ ચલમ પીધી. પણ નવે નાથ અંદરોઅંદર કહેવા લાગ્યા કે: “આનાથી તપ જીરવાશે નહિ. એ હલકું દૂધ છે; કોક દી ને કોક દી એ ન કરવાનો કામો કરી બેસશે.”

તેજની જીવતજ્યોત જેવા ધૂંધળીનાથ જગતમાં ઘૂમવા લાગ્યા. ઘૂમતાં ઘૂમતાં અરવલ્લીને ડુંગરે ચિતોડગઢમાં એનું આવવું થયું.

ચિતોડના રાણાએ ગુરુને ઝાઝાં માન દીધાં. ગુરુનાં ચરણુંમાં પડીને રાણો રાતે પાણીએ રોયો. રાણાના અભર-ભર્યા રાજમાં સવાશેર માટીની ખોટ હતી. મરણ ટાણે બાપની આગ લઈને મોઢા આગળ હાલનારો દીકરો નહોતો.

* ગાંજો પીવા માટે ચલમની સાથે લૂગડાનો ટુકડો રાખવામાં આવે છે તેને ‘સાફી’ કહે છે

Website: http://www.allimagetool.com



ધૂંધળીનાથે ધ્યાન ધર્યું, રાણાના ભાગ્યમાં એણે બે દીકરા લખેલા વાંચ્યા: પણ એક જોગી, ને એક સંસારી. એણે કહ્યું : "રાણાજી! બાર વરસે પાછો આવું છું. બે કુંવર તારે ઘરે રમતા હશે. ગુરુની આજ્ઞા છે કે આમાંથી એક તારો ને એક મારો. તૈયાર રાખજે. તે દી આંસુ પાડવા બેસીશ મા. બાર વરસે પાછો આવું છું."

બાર વરસને જાતાં શી વાર? જટાધારી જોગીએ ચિતોડને પાદર અહાલેક જગાવ્યો. એટલે રાજારાણી બેય રાજકુંવરને આંગળીએ લઈ બહાર નીકળ્યાં. બેમાંથી એક ઘરાણેલૂગડે ભાંગી પડતો, અને બીજો મેલેઘેલે પહેરવેશે. રાજારાણી કૂડ કરીને તેજીલો દીકરો રાખવા માગતાં હતાં. પણ તેજની વિભૂતિ કાંઈ મેલે લૂગડે ઢાંકી રહે? ને એય ધૂંધળીનાથની નજર બહાર રહે? મેલાઘેલાને જ જોગીએ ઉપાડી લીધો. બાર વરસનો બાળકો દોટ દઈને ગુરુને કાંડે બાઝી પડ્યો. માતાપિતા નજરે દેખે તેમ એ બાર વરસના બાળકને માથું મૂંડાવી ભગવાં પહેરાવ્યાં. ભભૂત ધરી ચાલી નીકળ્યા. રાજારાણી ખોબા ખોબા આંસુ પાડતાં ચિતોડગઢ પાછાં વળ્યાં.

૨

ધૂંધળીનાથે ચેલાને સિદ્ધનાથ કરી થાપ્યો. એના કાનમાં ગુરુમંત્ર ફૂંક્યો અને ભેખના પાઠ ભણાવતા ભણાવતા આ આપણે ઊભા છીએ, ત્યાં આવી પહોંચ્યા. આ ઢાંક તે દી નહોતું. આંહીં તો પ્રેહપાટણ નગરી હતી. ચેલાઓને ગુરુએ કહ્યું : "બાપ, હું આ ડુંગરામાં બાર વરસની સમાધિ લગાવું છું. તમે સૌ ઘરોઘર ઝોળી ફેરવીને આંહીં સદાવ્રત રાખજો. ભૂખ્યાંદુખ્યાં અને અપંગોને પોતાનાં ગણી પાળજો. મારી તપસ્યામાં પુન્યાઈ પૂરજો."

Website: http://www.allimagetool.com



એમ બોલીને ધૂંધળીનાથે આસન વાળ્યું.

વાંસેથી ચેલાઓની કેવી ગતિ થઈ ગઈ? નગરીમાં ઝોળી ફેરવે, પણ કોઈએ ચપટી લોટ ન દીધો. દયામાનનો છાંટોય ન મળે એવાં લોક વસતાં 'તાં. પણ સત્તર અઢાર વરસનો સિદ્ધનાથ તો રાજનું બીજ હતો : સમજુ હતો : એણે અક્કેક ચેલાને અક્કેક કુહાડો પકડાવી કહ્યું કે પહાડમાં લાકડાં વાઢી નગરમાં જઈ ભારીઓ વેચો અને આપમહેનતથી ઉદર ભરો! જોગીનો ધરમ હરામનું ખાવાનો ન હોય. કોઠામાં જરે નહિ. જાઓ જંગલમાં.

બીજે દી, ત્રીજે દી, અને ચોથે દી થતાં તો કુહાડા મેલી-મેલીને બધા ચેલાએ મારગ માપ્યા. બાકી રહ્યો એક બાળો સિદ્ધનાથ. રાણાકુળનું બીજ, એમાં ફેર ન પડે. પ્રભાતનો પહોર પ્રાગડના દોરા ફૂટયા પહેલાં તો આશ્રમને વાળીચોળી, ઝાડવાંને પાણી પાઈ, સિદ્ધનાથ વનમાં ઊપડી જાય. સાંજે બળતણની ભારી બાંધી શહેરમાં વેચી આવે. નાણું નહિ જેવું નીપજે. તેનો લોટ લે. આખા ગામમાં એક જ ડોશી એવી નીકળી કે જે એને રોટલો ટીપી આપે. એ હતી કુંભારની ડોશી. અઢાર વરસના સુંવાળા રૂપાળા બાળા જોગીને જોઈ ડોશી લળી લળી હેત ઢોળે છે.

આમ બાર વરસ સુધી બાળ સિદ્ધનાથે ભારી ઉપાડી સદાવ્રત ચલાવ્યાં. માથું છોલાઈને જીવાત પડી. સુંવાળી કાયા ખરી ને! કેટલુંક સહેવાય? દુઃખ તો ચિતોડની મોલાતમાં કોઈ દિવસ દીઠું નહોતું. અને આંહીં એના એકલાના ઉપર જ ભાર આવી પડયો. સિદ્ધનાથ મૂંગો મૂંગો આ પીડા વેઠતો અનાથની સેવા કર્યે ગયો. બાર વરસે ધૂંધળી-નાથનું ધ્યાન પૂરું થયું. આંખો ઉઘાડીને ગુરુએ આશ્રમ નીરખ્યો. આટલા બધા ચેલકામાંથી એક સિદ્ધનાથને જ

Website: http://www.allimagetool.com



હાજર દેખ્યો. પૂછ્યું કે બીજા બધા ક્યાં છે? ચતુર સિદ્ધનાથે મોટું પેટ રાખીને ખોટો જવાબ વાળ્યો; ગુરુને પટાવી લીધા.

ઘણાં વરસનો થાક્યો સિદ્ધનાથ તે દિવસે બપોરે ઝાડવાને છાંયડે જંપી ગયો છે. શીળા વાયરાની લે'રલે'રે એની ઉજાગરાભરી આંખો મળી ગઈ છે. ગુરુજી ચેલાનાં અઢળક રૂપ નીરખી રહ્યા છે. શિષ્યના રૂડા ભેખ ઉપર અંતર ઠલવાય છે. તે વખતે સિદ્ધનાથે પડખું ફેરવ્યું. માથા ઉપરનું ઓઢણ સરી પડ્યું, માથે એક માખી બેઠી. ગુરુને વહેમ આવ્યો. પાસે જઈને જોયું. માથામાં ખોબો મીઠું સમાય એવડું ઘારું પડ્યું છે. ગંધ વછૂટે છે.

ગુરુએ ચેલાને જગાડ્યો. પૂછ્યું : "આ શું થયું, બચ્ચા?"

"કાંઈ નહિ બાપુ! ગૂમડું થયું છે." સમદરપેટા સિદ્ધ-નાથે સાચું ન કહ્યું.

"સિદ્ધનાથ!" ગુરુની ભ્રૂકુટિ ચડી : "જોગ પહેર્યો છે એ ભૂલીશ મા. અસતથી તારી જીભ તૂટી પડશે. બોલ સાચું, ગુરુદ્રોહાઈ છે."

સિદ્ધનાથ ધીરો રહીને વાતો કહેતો ગયો, તેમ તેમ ધૂંધળીનાથની આંખમાંથી ધુમાડા છૂટતા ગયા. તપસીનું અંતર ખદખદી ઊઠ્યું. અડતાલીસ વરસની તપસ્યાનો ઢગલો સળગીને ભડકા નાખતો હોય તેવું રૂપ બંધાઈ ગયું. હૈયા-માંથી 'હાય! હાય! હાય!' એમ હાહાકાર નીકળી આભને અડવા માંડ્યા : "અરે હાય હાય! જગતનાં માનવી! દયા પરવારી રહ્યાં! મારો બાળ સિદ્ધનાથ માથાની મૂંડમાં કીડા પડે ત્યાં સુધીયે ભારિયું ખેંચે! અને મારી તપસ્યા! ભડકે ભડકે પ્રલેકાર મચાવી દઉં! મારે તપસ્યાને શું કરવી છે!

Website: http://www.allimagetool.com



સિદ્ધનાથ! બચ્ચા! દોડ, ઓલી કુંભારણને ચેતાવ. માંડે ભાગવા. પાછું વાળીને ન જોવે હો : આજ હું પ્રેહપાટણને પલટાવું છું."

એટલું કહેતાં તો આશ્રમ કાંપ્યો. ઝાડવાં ધ્રૂજ્યાં. અને ત્રાહિ! ત્રાહિ! પોકારતો સિદ્ધનાથ હાથ જોડીને કરગરે છે કે "ગુરુદેવ! ગુરુદેવ! તપસ્યાનાં પુણ્ય એમ નથી ખોવાં. અરે બાપુ! માનવીઓ તો બધાંય માટીનાં. એનાં પેટ છીછરાં જ હોય. એની સામું ન જોવાય. આપણા ભેખ સામે જુઓ. ગજબ કરો મા! લાખોની હ યા, નિસાસા, કલ્પાંત : કેમ જોયાં ને સાંભળ્યાં જાશે, ગુરુદેવ?"

પણ ગુરુ વાર્યા ન રહ્યા. તપસ્યાને મંડચા હોમવા. હાથમાં ખપ્પર ઉપાડ્યું; ધરતી રોતી હોય એવું ધીરું ધણેણવા લાગી. ડુંગર ડોલ્યા. દિશાના પડદા ફાડીને પવન વછૂટવા લાગ્યા. છેલ્લી વાર ગુરુએ કહ્યું : "સિદ્ધનાથ! હવે કમાનમાંથી તીર છૂટે છે. દોડ; દોડ, કુંભારણને ચેતાવ, માંડે ભાગવા, પાછું ન જુએ, નહિ તો સૂકાં ભેળાં લીલાંય બળશે, બચ્ચા!"

સિદ્ધનાથે દોટ દીધી, પોતાને રોજ રોટલા ઘડી દેનારી માડીને ચેતાવી, છોકરાને આંગળીએ લઈ ડોસી ભાગે છે, અને આંહીં પાછળ ધૂંધવાયેલો ધૂંધળીનાથ હાથમાં ખપ્પર ઉપાડી પોતાની તમામ તપસ્યાને પોકારે છે : "ઓ ધરતી મૈયા!

**પટ્ટણ સો દટ્ટણ! અને માયા, સો મિટ્ટી!"**

—એમ પોકારીને એણે ખપ્પર ઊંધું વાળ્યું. વાળતાં જ વાયરા વછૂટચા, આંધી ચડી, વાદળાં તૂટી પડ્યાં. મોટા પહાડ મૂળમાંથી ઊપડી-ઊપડીને ઊંધા પટકાણા. પ્રેહપાટણ નગરી જીવતજાગત પૃથ્વીના પેટાળમાં દટાઈ ગઈ. એક

Website: http://www.allimagetool.com



પ્રેહપાટણ નહિ, પણ એવાં ચોરાસી પાટણ તે દી ધૂંધળીનાથે પોતાના ખપ્પર હેઠ ઢાંકયાં અને એના મહાકંપમાં માયા તમામ મિટ્ટી બનીને ગારદ થઈ ગઈ.

ઓલી કુંભારણ જાતી હતી ભાગતી, પણ સીમાડે જાતાં એની ધીરજ ખૂટી. પ્રલયની ચીસો સાંભળીને એણે પાછળ જોયું. મા ને છોકરાં ત્યાં ને ત્યાં પાણકા બની ગયાં. એ હજી ઊભાં, ઢાંકને સીમાડે!

આવું મહાપાપ કરનાર એ જોગીને માટે આબુ અને ગિરનાર માથે પણ હાહાકાર બોલી ગયો. નવ નાથ અને ચોરાસી સિદ્ધોએ અવાજ દીધો કે "આજથી એની ચલમસાફી બંધ કરો! બંધ કરો!" કંઈક વર્ષોની કમાણી વેચીને ધૂંધળીનાથ સમાધિમાં બેઠા. સિદ્ધિઓ વિના એનો એ રાંક ધૂંધો કોળી થઈ ગયો. "ભાઈ! ગમે તેવો તોય કોળીનું દૂધ ના!"

## ૩

આંહીં બાળા જોગી સિદ્ધનાથનું શું બન્યું? ડુંગરે ઊભીને એણે પ્રેહપાટણ દટાતું દીઠું. દટ્ટણ પૂરું થયા પછી એનો જીવ જંપ્યો નહિ. ગુરુએ કરેલા કાળા કામનું પ્રાછત શી રીતે થાય એ વિચારે એને ત્યાંથી ખસવા દીધો નહિ. અરેરે! ઘડી પહેલાં જ્યાં હજારો નરનારી ને નાનાં છોકરાં કલ્લોલ કરતાં હતાં ત્યાં અત્યારે કોઈ હોંકારો દેવા પણ હાજર નહિ? હું સિદ્ધનાથ: ગુરુએ ઉથાપ્યું તે હું થાપું તો જ મારી સિદ્ધિ સાચી. કોઈક આ નગરીનો અધિકારી આવશે. હું વાટ જોઈશ, મારાં તપ સંઘરીશ: એવું વિચારીને એ કંકુવરણા બાળાજોગીએ આસન બીડયું. નાશ પામેલા એ નગર ઉપર એનાં નેત્રોની અમૃતધારાઓ છંટાવા લાગી, બળેલું હતું તે બધું તેના પુણ્યને નીરે ઠરવા લાગ્યું.

Website: http://www.allimagetool.com



એક દિવસ સાંજ નમતી હતી. ઓછાયા લાંબા થયા હતા. પ્રેહપાટણનું ખંડેર ખાવા ધાતું. એમાં બે જીવતાં માનવી ભટકે છે. ધૂળ ઉખેળી ઉખેળી જોતે છે. અંદર ઊંધા વળી ગયેલાં પાણિયારાં, ખારણિયા ને મિટ્ટી થઈ ગયેલ ધાતુનાં વાસણો નીરખે છે. માને ધાવતાં બચ્ચાનાં મડદાં એમ ને એમ જામી ગયેલાં જુએ છે. જોઈ જોઈ ને બેય માનવી રોવે છે. જોગી સિદ્ધનાથે બેયને જોયાં, બોલાવ્યાં, પૂછ્યું : " કોણ છો ? "

" આ અભાગી નગરીની હું રાજરાણી. આ મારો બેટો નાગાજણ જેઠવો."

" કેમ કરીને બચી નીકળ્યાં ? "

" રાજાથી રિસામણે હું મારે પિયર તળાજે ગયેલી. કુંવર મારી ભેળો હતો."

" બચ્ચા નાગાજણ! હું તારી જ વાટ જોતો હતો. તું આવ્યો, બાપ? મારી દુવા છે તને કે :

> જેસો લંકેશ તેસો ઢંકેશ,
> દુશ્મન માર વસાવ દેશ.

જેવો લંકાનો સ્વામી રાવણ હતો તેવો જ તું આ ઢંક—આ ઢંકાયેલી નગરી—નો સ્વામી બનીશ. તારી ઢંક (ઢાંક) લંકા નગરીને તોલે આવશે. માટે બેટા, ફરી વાર આંહીં આપણે નગર વસાવીએ.

ઢંકાયેલા પ્રેહપાટણને ટીંબે નવું નગર બંધાવા લાગ્યું. ઢાંકે તો બીજાં નગરોને પોતાની રિદ્ધિસિદ્ધિમાં ઢાંકી દીધાં. સિદ્ધનાથે પોતાની કરામતના જોરે વસ્તીની વેલડી કોળાવી મૂકી. નાગાજણ ચેલો અને સિદ્ધનાથ ગુરુ : બે જણાની જોડલીએ બળેલી વાડીને સજીવન કરી. ઓલ્યોય જોગી અને આય જોગી, પણ બેમાં કેટલું અંતર! ગુરુના મહા-દોહ્યલા દંડ ભરતો ભરતો જુવાન જોગી રાજી થાતો હતો.

Website: http://www.allimagetool.com



પોતાનું જીવ્યું એને લેખે લાગતું હતું. દુનિયામાં સંહાર સહેલો છે; સરજવું દોહ્યલું છે, બાપ! સિદ્ધનાથે સરજી જાણ્યું.

પણ કાળનો આવવો છે ના! એક દી નાગાજણ જેહવે આવીને હાથ જોડયા.

"કેમ બચ્ચા?" જોગીએ પૂછ્યું.

"ગુરુદેવ! એક જ બાબત બાકી રહે છે."

"કી?"

"આપે કહેલું કે જેસો લંકેશ તેસો ઢંકેશ!"

"હા."

"તો બસ મારી ઢાંક લંકા સરખી સોનાની બની જાય એટલું કરી આપો."

"નાગાજણ!" ગુરુએ નિસાસો નાખ્યો: "એવો અરથ લીધો? આ સમૃદ્ધિ ઓછી લાગી, તે સોને લોભાણા, રાજ?"

"આપનું વેણ છે."

"વેણેવેણ સાચું કરવું છે?"

"હા."

"તો પછી ઢાંકની ગતિ પૂરેપૂરી લંકા સરખી સમજજે, રાજા! સોનાની લંકા રોળાણી હતી."

"ફિકર નહિ."

"તને ભાગ્ય ભુલાવે છે, રાજા! પણ ખેર: હવે પૂરું કરીશ. નાગાજણ! ઉગમણું મુંગીપુર પાટણ છે. ત્યાંનો રાજા શારવાણ (શાલિવાહન) ગોહિલ: એને ઘેર સોનદેવી રાણી: એ જોગમાયા આવીને જેટલી ગાર કરે, એટલું સોનું થઈ જાય. બોલાવું?"

"બોલાવો."

Website: http://www.allimagetool.com



"અધર્મ નહિ કર્ય ને?"

"મા-જણી બોન માનીશ.?"

"શાલિવાહન સાથે વેર પાલવશે?"

"રે ગુરુદેવ! હું નાગાજણ: હું જેઠવો: ઝૂઝી જાણું છું."

પછી તો સિદ્ધનાથે તપોબળ છોડ્યાં. મુંગીપુરને મહેલેથી સતી સોનરાણીનો પલંગ રાતમાં ઢાંકને ગઢે ઊતર્યો. સતી જાગી. જોગી આઘેરો ઊભો રહ્યો. નાગાજણે હાથ જોડ્યા: "બોન, મને તારો મા-જણ્યો ભાઈ માનજો. અધરમ કાજે નથી આણી તને. મારી ઢાંક સોનાની કરવી છે, તું જોગમાયાને હાથે જરા પોતું ફેરવાવવું છે. મારે કોટકાંગરે તારા હાથ ફેરવ, બાપ!"

રોજ બોલાવે. રોજ ઓળીપો કરાવે. પાછી પહોંચાડે. છેલ્લે દિવસે નાગાજણ હાથ જોડીને ઊભો રહ્યો: "બોન, કંઈક કાપડાની કોર માગી લે."

"ટાણે માગીશ, ભાઈ!"

કહીને રાણી ચાલી ગઈ. આખી વાત રાજા શાલિવાહનને કહી. રાજા રૂઠ્યો. રૂઠેલ રાજાએ સોરઠની ભોમ ઉપર સેન હાંક્યાં. કોઈ કહે કે એ તો શાલિવાહન: એટલે કે શાળને દાણે દાણે એકેક ઘોડેસવાર ઊઠે એવો મંત્ર જાણનારો. કોથળા ને કોથળા શાળ ભરીને રાજા નાગાજણને દંડવા હાલ્યા આવે છે.

આંહીં તો ઢાંક લંકા જેવા ઝગારા કરે છે. છત્રીસ છત્રીસ તો એના કનકકોટ શોભે છે. ગુરુ સિદ્ધનાથ એ એકેક કોઠા ઉપર નાગાજણને લઈને ચડતો ગયો. ચડી-ચડીને એણે આગમ ભાખ્યાં. જુગજુગની ભવિષ્યવાણી કાઢી. ક્યારે શું શું બનશે, જેઠવા કુળની કેવી ચડતીપડતી થાશે

Website: http://www.allimagetool.com



એના કાળલેખ ઉકેલી-ઉકેલીને સિદ્ધનાથે કહી સંભળાવ્યા. પછી રજા માગી.

"નાગાજણ! હવે મને રજા દે, બચ્ચા! ગુરુએ મારે કારણે મહાપાપ આદર્યું. એણે તપ વેચીને હત્યા બોલાવી. એ બધા મેલ ધોઈને હું હવે મારે માર્ગે જાઉં છું. અમારા પંથ અઘોર છે, બાપ! તારી સન્મતિ થાજો! તારો કાળ ચાલ્યો આવે છે. પણ તું સતનો પથ ચૂકીશ મા! બાકી તો તેં જીવી જાણ્યું. તને મોતનો ભો શો રહ્યો છે?"

જુવાન સિદ્ધનાથ માર્ગે પડ્યા. એક તો ક્ષત્રી અને વળી ચિતોડગઢનું કુળ; તેમાં ભળ્યાં જોગનાં તેજ : વીરભદ્ર જેવો એ મહાજતિ મોકળી લટે અહાલેક! અહાલેક! બોલતો, દુનિયાને જગાડતો, કોઈ અંધારી ગુફામાં ચાલ્યો ગયો.

નાગાજણનો કાળ નજીક ને નજીક આવતો જાય છે. શાલિવાહનની સમશેરો ઝબકે છે. કનકકોટે ચડીને રાજા મરણિયો થઈને બેસી રહ્યો.

શાલિવાહનની ફોજે ઢાંક ફરતાં ડેરાતંબૂ તાણી લીધા. કોટ ઉપર મારો ચલાવવા માંડ્યો. પણ જોગીનો દીધેલ ગઢ તૂટતો નથી; એક શિલા પણ ચસ દેતી નથી.

"કોઈ જઈને નાગાજણનું મસ્તક લાવી આપે? હું એમ એક માથું લઈને પાછો જાઉં." શાલિવાહન રાજાએ સાદ પાડ્યો.

એક ચારણને કુમત્ય સૂઝી, એણે હાકારો દીધો. ચારણ ઢાંક નગરમાં ચાલ્યો. આગલા સમયમાં તો ચાહે તેવી લડાઈઓ ચાલતી હોય તોય ચારણ, ફકીર કે સાધુને કોઈ અટકાવતું નહોતું. ચારણ શત્રુપક્ષનો, તોપણ એ તો ચારણ :

Website: http://www.allimagetool.com



એનો એવો ભરોસો. ભરોસે ભૂલીને દરવાને નગરમાં આવવા દીધો.

અને કાળમુખા ચારણે જઈને નાગાજણના દસોંદીને જગાડ્યો. "આવી જા, સોગઠે રમીએ. હોડમાં પોતપોતાના રાજાનું માથું મેલીએ."

તે દિવસે તો, ભાઈ! રાજાનાં માથાં અને માન પણ ચારણને જ હાથ સચવાતાં ખરાં ને! કમતિયા દસોંદીએ ચોપાટમાં નાગાજણનું શીશ માંડ્યું. શાલિવાહનના ફૂડિયા ચારણે કૂડના પાસા ઢાળ્યા, મનમાન્યા દાવ આણ્યા, જીત્યો, માટી થયો. કહે કે "લાવ તારા રાજાનું માથું."

દસોંદી શું મોં લઈને જાય! પણ નાગાજણને કાને વાત પહોંચી અને લલકારી ઊઠ્યો : "અરે, મારો દસોંદી! એનાં વેણ માથે તો મારી આંટ ચાલે. હજારો લાલચો વચ્ચેય એનું પાણી ન મરે. એના ખોળામાં ક્ષત્રી માથું મેલીને નિર્ભય બની સૂઈ જાય; બોલાવો એ ચારણને."

દસોંદી કાંપતે પગે નીચી મૂંડી ઘાલીને રાજાની પાસે આવી ઊભો રહ્યો. પણ નાગાજણની આંખમાં એણે ન દેખ્યો ક્રોધ કે મોં ઉપર ન દીઠો ઉદ્વેગ. એના હોઠ તો ચારણ સામું મરક મરક હસતા હતા. એની પછવાડે પછવાડે શાલિવાહન રાજાનો ચારણ પણ આવી ઊભો. સોનાની થાળી મંગાવી રાજાએ ચારણને હાથમાં દીધી. "આજ મને રૂડો કરી દેખાડ્યો, ચારણ! તું મારું માથું હોડમાં હાર્યો ન હોત તો હું ગઢ બારો ન નીકળત અને જગત મારૂં જુદ્ધ જોવા ન પામત. અને હવે?" દુશ્મન રાજાના દસોંદી તરફ નજર કરી નાગાજણ બોલ્યો: "હવે તો આ માથા વગરનું ધડ ઉલ્કાપાત માંડશે, ચારણ! આ માથું લઈ જઈને તારા રાજાને આપજે અને કહેજે કે

Website: http://www.allimagetool.com



નાગાજણના ધડ સામે મરદ હો તો ઝૂઝજે અને તારી જોગમાયા રાણીમાને — મારી બોનને — કહેજે કે ભાઈનું જુદ્ધ જોવા બહાર નીકળે."

એટલું બોલીને નાગાજણે તરવારનો ઘસરકો દીધો. માથું જઈ પડ્યું થાળીમાં. લઈને દસોંદીએ દુશ્મનના ચારણને દીધું. ચારણે દોટ દીધી. દરવાજા બહાર નીકળી ગયો.

આંહીં નાગાજણનું કબંધ (ધડ) ઊડ્યું. બે હાથમાં બે સમશેરો લીધી, અને મસ્તક વિના માર્ગે ચાલ્યું. ઉપર રગતની શેડ્યો ફૂટતી આવે છે: માથે જાણે રાતી કલગિયું રમે છે અને છાતીએ જાણે બે આંખો ફૂટી છે.

વીર ચાલ્યો, તરવારો વીંઝી, શાલિવાહનના સૈન્યમાં ત્રાટક્યો. ઘૂમવા લાગ્યો. શત્રુઓનાં માથાં છેદાવા લાગ્યાં, સૈન્ય ભાગ્યું. રાજા ભાગ્યો, પાછળ કબંધે દોટ દીધી. શાલિવાહનનો કાળ આવી પહોંચ્યો, ઉગાર નહોતો.

એવી અણીને સમયે સોન રાણી નીકળી. રસ્તો રૂંધીને આડી ઊભી રહી, પાલવ પાથર્યો. તરવાર વીંઝતું કબંધ જાણે બહેનને દીઠી હોય તેમ થંભી ગયું. તરવાર ઢાળી દીધી અને હાથ જાણે કંઈ આપવા જતો હોય તેમ ઊંચો ગયો. જાણે કબંધ પૂછે છે કે: "બોન, માગી લે."

"વીરા મારા! તેં દી વેણ દીધું'તું કે કાપડાની કોર આપીશ. આજ માગું છું કે મારા ચૂડાને કારણે તારાં સૂરાતન શમાવી લે, ભાઈ!"

શબ્દ સાંભળીને ધડ ટાઢું પડ્યું. સમશેરો ભોંય પર મેલી ઢળી ગયું.

હજારો લાશો રગદોળાઈ રહી હતી એવા રણથળમાં સમી સાંજે ગુરુ સિદ્ધનાથ દેખાણા, અને નાગાજણના શબ

Website: http://www.allimagetool.com



પાસે બેસીને જોગંદરે આંસુડાં ટપકાવ્યાં. ત્યાં ને ત્યાં એણે સમાધિ લીધી.

*

"આવાં અમારાં માલધારિયુંનાં ગપ્પાં, ભાઈ! મોરુકી વાતું હાલી આવે છે. અમે તો રાતને ટાઢે પો'રે ડોબાં ચારીએ, અને આવા ગપગોળા હાંકીને રાત વિતાડીએ."

એટલું બોલીને એ બુઢ્ઢો માલધારી પાછી ચલમ પેટાવી ધુમાડાના ગોટા કાઢવા લાગ્યો, અને લાલ લાલ આંખે મીટ માંડી રહ્યો. ધરતીના સીમાડા ઉપર કોઈ જોગીના જટા-જૂટની લટો જેવી વાદળીઓ ઝૂલતી હતી. ઊગતો સૂરજ, કોઈ અબધૂતની લાલઘૂમ આંખ રોતી રોતી બિડાતી હોય એવો, વાદળીએ વીંટાતો હતો.

Website: http://www.allimagetool.com



# રા' નવઘણ

"હે આયરાણી, તારી છાતીને માથે બે ધાવે છે એમાં આ ત્રીજાનો મારગ કર." એમ બોલતો આલિદર ગામનો આહીર દેવાયત બોદડ પોતાને ઓરડે દાખલ થયો અને અક્કેક થાનોલે અક્કેક બાળકને ધવરાવતી બોદડની ઘરવાળીએ પોતાની છાતી ઉપર છેડો ઢાંકયો. ધણીના હાથમાં પાંભરીએ વીંટેલ નવા બાળકને એ નીરખી રહી. પોતાના હૈયા ઉપર પારકાને ધવરાવવાનું કહેતાં સાંભળીને એને અચંબો થયો. એણે પૂછયું: "કોણ આ?"

આયર ઢૂંકડો આવ્યો. નાક ઉપર આંગળી મૂકીને કાનમાં કહ્યું: "મોઢળનો રા'— જૂનાણાનો ધણી."

"આંહીં કયાંથી?"

"એ...જૂનાગઢનો રાજપલટો થયો. ગુજરાતમાંથી સોળંકીનાં કટક ઊતર્યાં. ને તે દી સોળંકીની રાણિયું જાત્રાએ આવેલી, તેને દાણ લીધા વિના રા' ડિયાસે દામેકંડ નાવા નો'તી દીધી ખરી ને, અપમાન કરીને પાછી કાઢી'તી ને, તેનું વેર વાળ્યું આજ ગુજરાતના સોળંકીઓએ. રાજા દુર્લભસેનનાં દળકટકે વાણિયાના વેશ કાઢીને જાત્રાળુના સંઘ તરીકે ઉપરકોટ હાથ કરી લીધો. પછી રા'ને રસાલા સોતા જમવા નોતર્યા. હથિયાર પડિયાર ડેલીએ મેલાવી દીધાં. પછે પંગતમાં જમવા બેસાડીને દગાથી કતલ કર્યો. વણથળી અને જૂનાગઢ બેય જીતી લીધાં."

Website: http://www.allimagetool.com



"આ ફૂલ કયાંથી બચી નીકળ્યું ?" દીકરાદીકરીને ઘૂંટડેઘૂંટડા ભરાવતી આહીરાણી માતા પોતાને ખોળે આવનાર એ રાજબાળ ઉપર માયાભરી મીટ માંડી રહી.

"બીજી રાણિયું તો બળી મૂઈ, પણ આ સોમલદેને ખોળે રાજબાળ ધાવણો હતો ખરો ના, એટલે એને જીવતી બહાર સેરવી દીધી. મા તો રખડીરવડીને મરી ગઈ, પણ આ બેટડાને એક વડારણે આંહીં પહોંચતો કર્યો છે. આપણે આશરે ફગાવ્યો છે."

"અહોહો ! ત્યારે તો મા વિનાનો બાળ ભૂખ્યો તરસ્યો હશે. ઝટ લાવો એને, આયર !" એમ કહીને આહીરાણીએ પોતાના ડાબા થાનેલા ઉપરથી દીકરીને વછોડી લીધી. બોલી : "બાપ જાહલ ! મારગ કર આ આપણા આશરા લેનાર સારુ. તું હવે ઘણું ધાવી, ને તું તો દીકરીની જાત : પા'ણા ખાઈનેય મોટી થાઈશ; માટે હવે આ નમાયાને પીવા દે તારો ભાગ."

એમ કહીને દેવાયતની ઘરવાળીએ જૂનાગઢના રાજ-ફૂલના મોંમાંથી અંગૂઠો મુકાવીને પોતાનું થાન દીધું. ભૂખ્યો રાજબાળ ઘટાક ઘટાક ઘૂંટડા ઉતારવા મંડયો. અમીના કુંભ જેવા આહીરાણીના થાનમાંથી ધારાઓ ઢળવા લાગી. અનાથને ઉછેરવાનો પોરસ એના દિલમાં જાગી ઊઠયો. પારકા પુત્રને દેખીને એને પાનો ચડયો. ધાવતો ધાવતો રાજબાળ અકળાઈ જાય એટલું બધું ધાવણ ઊભરાયું.

દેવાયત નિહાળી રહ્યો. બાઈએ કહ્યું : "તમતમારે હવે ઉચાટ કરશો મા. મારે તો એક થાનોલે આ વાહણ અને બીજે થાનોલે આ આશ્રિત. બેયને સગા દીકરાની જેમ સરખા ઉછેરીશ. જાહલ તો વાટચમાં પડીપડીય વધશે. એનો વાંધો નહિ."

"પણ તું હજી સમજતી નથી લાગતી."

"કાં ?"

"વાંસે દા બળે છે, ખબર છે ને ? સોળંકીઓએ જૂનાને માથે થાણું બેસાર્યું છે. એનો થાણદાર બાતમી મેળવી રહ્યો છે. ડિયાસનું વંશબીજ આપણા ઘરમાં છે, એવી જો જાણ થાશે તો આપણું જડામૂળ કાઢશે."

"ફકર નહિ, મોરલીધરનાં રખવાળાં. તમતમારે છાના-માના કામે લાગી જાવ. આશરો આપ્યા પછી બીજા વિચાર જ ન હોય. તમારી સોડચ સેવનારીના પેટનું પાણી નહિ મરે. ભલે સોળંકિયુંનો થાણદાર જીવતું ચામડું ઉતારતો."

દેવાયત ડેલીએ ચાલ્યો ગયો અને આંહીં આહીરાણી માતા એના નવા બાળને અંગેઅંગે હાથ ફેરવતી, મેલના ઓળા ઉતારતી ને પંપાળતી વહાલ કરવા લાગી :

"બાપા ! તું તો આઈ ખોડિયારનો, ગળધરાવાળીનો દીધેલો. તારી વાત મેં સાંભળી છે. તું તો રા' ડિયાસના ગઢનું રતન; તારાં વાંઝિયાં માવતરને ઘરે નવ સરકુંનાં રાજપાટ હતાં. છતાં ચકલાંયે એના ઘરની ચણ્ય નો'તાં ચાખતાં. તારી માવડી અડવાણે પગે હાલીને અચાવેજ ગામે આઈ ખોડિયારને ઓરડે પહોંચી'તી. ત્યાં એને માતાએ તું ખોળાનો ખૂંદતલ દીધેલો. દેવીનાં વરદાનથી તારાં ઓધાન રિયાં'તાં. અને મારા ફૂલ ! તારી માને તો તું જરાપણમાં જડેલો : મા તારી માગતી'તી કે :

દેવા દેને દીકરો, (હું) ખાંતે ખેલાવું,
જોબન જાતે નો જડ્યો, (હવે) જરપણે ઝુલાવું.

"ને તારાં તો ઓધાન પણ કેવાં દોયલાં હતાં ! તું તો માનો દુશ્મન હતો, ડાયલા !" એમ કહીને આહીરાણીએ

Website: http://www.allimagetool.com



લાડથી બાળકની દાઢી ખેંચી. ધાવતો બાળક ત્રાંસી નજરે આ પડછંદ આહીરાણી માના મલકતા મોં સામે જોઈ રહ્યો. "તું તો માના ઓદરમાંથી નીકળતો'તો જ ક્યાં! તુંને ખબર છે? તારી અપરમાયુંએ કામણટ્રમણ કરાવેલાં. જતિએ મંત્રી દીધેલ અડદના પૂતળાને બહારના વા લાગે તો તું બા'ર નીકળ ને! પૂતળું ભોંમાં ભંડારેલ, ત્યાં સુધી તુંયે માના પેટમાં પુરાયલ: પછી તો તારી જનેતાને આ કપટની જાણ થઈ. એણેય સામાં કપટ કર્યાં. ખોટેખોટો પડો વજડાવ્યો કે રાજમાતાને તો છૂટકો થઈ ગયો. હૈયાફૂટી અપરમાયું તો દોડી ગઈ પૂતળું તપાસવા. ભોંમાં ભંડારેલ માટલી ઉપાડીને જોયું, ત્યાં તો હે દોંગા! એના મંતરજંતર બધા ધૂળ મળી ગયા ને તું સાચોસાચ અવતરી ચૂક્યો. સાંભળ્યું મારા મોભી?"

કોઈ ન સાંભળે તેવી રીતે ધીરી ધીરી વાત કહેતી ને કાલીકાલી બનતી માતાએ બાળકના ગાલ આમળ્યા. બાળકના પેટમાં ઠારક વળી કે તરત એના હાથપગ ઉછાળા મારવા લાગ્યા. એણે પોતાની સામેના થાન પર ધીંગા આહીરપુત્ર વાહણને ધાવતો દીઠો. ઝોંટાઈને સામે પડેલી ધાવવા સારુ પાછી વલખાં મારતી આહીરની દીકરીને દીઠી. ત્રણે છોકરાં એકબીજા સામે ટીકી રહ્યાં. ત્રણે જણાં ઘુઘવાટા કરતાં લાગ્યાં.

## ૨

પાંચેક વરસની અવધ વટી ગઈ હતી. વાહણ, નવઘણ અને જાહલ માનો ખોળો મૂકીને ફળીમાં રમતાં થયાં છે. ત્રણે છોકરાં શેરીમાં અને આંગણામાં ધમાચકડી મચાવે છે. નવઘણનાં નૂરતેજ અજવાળિયાના ચાંદા જેવાં ચડી રહ્યાં છે. એમાં એક દિવસ સાંજે આલિદર ગામને સીમાડે ખેપટની

Website: http://www.allimagetool.com



ડમરી ચડી. હીવે વાટચો ચડી ત્યાં તો જૂનાગઢ-વણથલીથી સોલંકીઓનું દળકટક આલિદરને ઝાંપે દાખલ થયું. થાણદારે ગામફરતી એવી ચોકી બેસાડી દીધી કે અંદરથી બહાર કોઈ ચકલુંય ફરકી ન શકે. ઉતારામાં એણે એક પછી એક આહીર કોમના પટેલિયાઓને તેડાવી ઝરડકી દેવા માંડી : "બોલો, દેવાયત, બોદડના ઘરમાં ડિયાસનો બાળ છે એ વાત સાચી ?"

તમામ આહીરોએ માથાં ધુણાવીને ના પાડી : "હોય, તો રામ જાણે; અમને ખબર નથી."

"બોલો, નીકર હું જીવતી ખોળ ઉતરડી દઈશ. હાથે-પગે નાગફણિયું જડીશ."

આહીરાણીનું ધાવણ ધાવેલા-એકવચની મુછાળાઓમાં આ દમદાટીથી ફરક ન પડચો.

પણ સોલંકીના થાણદારને કાને તો ઝેર ફૂંકાઈ ગયું હતું. લાલચના માર્યા, કે અદાવતની દાઝે એક પંચોળી આહીરે ખુટામણ કર્યું હતું. થાણદારે દેવાયતને તેડાવ્યો. દેવાયતને ખબર પડી ગઈ હતી કે ઘર ફૂટી ગયું છે. એને સોલંકીએ પૂછ્યું : "આપા દેવાયત, તમારા ઘરમાં ડિયાસનો દીકરો ઊઝરે છે એ વાત સાચી ?"

રૂપેરી હોકાની ઘૂંટ લેતાં દાંગું મોઢું કરીને દેવાયતે ઉત્તર દીધો : "સાચી વાત, બાપા ! સહુ જાણે છે. મલક છતરાયો જ નવઘણ મારે ઘેર ઊઝરે છે."

આલિદર-બોડીદરના આહીર ડાયરાનાં મોઢાં ઉપર મશ ઢળી ગઈ. સહુને લાગ્યું કે દેવાયતના પેટમાં પાપ જાગ્યું. દેવાયત હમણાં જ નવઘણને દોરીને દઈ દેશે.

"આપા દેવાયત !" થાણદારે મે'ણું દીધું : "રાજાના શત્રુને દૂધ પાઓ છો કે ? રાજનું વેર શીદ વહોર્યું ?

Website: http://www.allimagetool.com



સોલંકીની બાદશાહી વિરુદ્ધ તમે પટેલે ઊઠીને કાવતરાં માંડચાં છે કે ?"

"કાવતરું હોત તો સાચું શા સારુ કહી દેત ?"

"ત્યારે ?"

"મારે તો રાજભક્તિ દેખાડવી હતી, ડિયાસનો દીકરો મારે ઘરે ઊઝરતો નથી, પણ કેદમાં રાખેલ છે. એ મોટો થાત એટલે હું મારી જાણે જ દોરીને એની ગરદન સોળંકિયુંને સોંપી દેત. હું સોળંકીઓનો લૂણહરામી નથી."

આહીર ડાયરાને મનથી આજ ઉલ્કાપાત થઈ ગયો લાગ્યો. કંઈકને દેવાયતના દેહના કટકેકટકા કરવાનું મન થયું. પણ ચોગરદમ સોલંકીઓની સમશેરો વીંટાઈ વળી હતી. ત્યાંથી કોઈ ચસ દઈ શકે તેમ નહોતું.

"ત્યારે તો ઝાઝા રંગ તમને, આપા દેવાયત! રાજ તમારી ભક્તિને ભૂલશે નહિ. નવઘણને તેડાવીને અમારે હવાલે કરો."

"ભલે બાપ! અબઘડી! લાવો દોતકલમ! ઘર ઉપર કાગળ લખી દઉં."

દેવાયતે અક્ષરો પાડચા કે, "આયરાણી, નવઘણને બનાવીઠનાવી રાજની રીતે આંહીં આ આવેલા આદમી હારે રવાના કરજે." વધુમાં ઉમેર્યું કે "રા' રખતી વાત કરજે."

"રા' રખતી વાત કરજે!" એવી સોરઠી ભાષાની સમસ્યામાં ગુજરાતના સોલંકીઓને ગમ પડી નહિ. સોલંકીના અસવારો હોંશે હોંશે પોતાના ધણીના બાળશત્રુનો કબજો કરવા દોડચા. જઈને આહીરાણીને આહીરનો સંદેશો દીધો. વાહણની મા બધું છલ વરતી ગઈ.

"હં–અં બાપુ! અમે તો ઈ જ વાટ જોઈને બેઠાં'તાં;

Website: http://www.allimagetool.com



ઈ લાકચે તો છોકરાને ઉઝેર્યો છે. લ્યો, તૈયાર કરીને લાવું છું."

એમ ડેલીએ કહેવરાવીને આહીરાણીએ અંદરના ઊંડા ઊંડા ઓરડામાં રમત રમતા વાહણને, નવઘણને ને જાહલને ત્રણે બચ્ચાંને દીઠાં. "વાહણ! દીકરા! ઊઠય, આંહીં આવ! તને તારો બાપ કચેરીમાં તેડાવે છે. લે, નવાં લૂગડાં-ઘરેણાં પહેરાવું;" એમ કહી સાદ દબાવી, આંખો લૂછી, એણે પેટના પુત્રનું શરીર શણગારવા માંડયું. ત્યાં બાકીનાં બન્ને છોકરાં દોડયાં આવ્યાં: "મા, મને નહિ? માડી, મને નહિ? મારેય જાવું છે ભાઈ ભેળું." એવું બોલતો નવઘણ ઓશિયાળો બનીને ઊભો રહ્યો. આજ એને પહેલી જ વાર દુઃખ લાગ્યું, બાળહૈયાને ઓછું આવ્યું. આજ સુધી તો મા ડાબી ને જમણી બેય આંખો સરખી રાખતી હતી, અને આજ મને કાં તારવે છે? વાહણભાઈને હથિયારપડિયાર સજાવી માએ એના ગાલે ચાર ચાર બચ્ચીઓ લઈ, ચોખા ચોડેલા ચાંદલા સોતો જ્યારે વળાવ્યો, ત્યારે નવઘણ ઓશિયાળે મોંએ ઊભો. "બેટા વાહણ! વે'લો આવજે." એટલું બોલી મા ઓરડે થંભી રહી. એણે દીકરાને જીવતોજાગતો હત્યારાના હાથમાં દીધો. એના હૈયામાં હજારો ઘા સંભળાઈ: 'વાહણને છેતરીને વળાવ્યો: આશરા-ધર્મના પાલન સાટુ.'

"લ્યો, બાપા! આ ડિયાસ વંશનો છેલ્લો દીવો સંભાળી લ્યો!" એમ બોલીને દેવાયતે પોતાના ખોળામાં આળોટી પડનાર સગા પુત્રની ઓળખ આપી. એને એક કોરે આહીરાણી સાંભરતી હતી, બીજી બાજુએ દૂધમલ બેટડો હૈયે બાઝતો હતો. 'આયરાણી! ઝાઝા રંગ છે તને, જનેતા! તેં તો ઓળિયાના પ્રાણ કાઢી દીધા.'

Website: http://www.allimagetool.com



આહીર ડાયરાએ છોકરાને ઓળખ્યો. દેવાયતના મોઢાની એકેય રેખા બદલાતી નથી, એ દેખીને આહીરોનાં હૈયાં ફાટુંફાટું થઈ રહ્યાં. સોલંકીના થાણદારે છોકરાને ત્યાં ને ત્યાં વધેરી નાખ્યો. દેવાયતે સગી આંખો સામે દીકરાનો વધ દીઠો; પણ એની મુખમુદ્રામાં ક્યાંયે ઝાંખપ ન દેખાઈ.

ત્યાં તો ખૂટલ આહીરોએ સોલંકી થાણદારના કાન ફૂંક્યા કે: "તમે દેવાયતને હજુ ઓળખતા નથી. નક્કી એણે નવઘણને સંતાડ્યો છે."

"ત્યારે આ હત્યા કોની થઈ?"

"એના પોતાના છોકરાની."

"જૂઠી વાત, દેવાયત તો હસતો ઊભો હતો."

"દેવાયતને એવા સાત દીકરા હોત તો એ સાતેયને પણ સગે હાથે એ રેંસી નાખે. પોતાના ધર્મને ખાતર દેવાયત લાગણી વિનાનો પથ્થર બની શકે."

"ત્યારે હવે શી રીતે ખાતરી કરીશું?"

"બોલાવો દેવાયતની ધણિયાણીને, અને એના પગ નીચે આ કપાયેલા માથાની આંખો ચંપાવો. જો ખરેખર આ એના પેટનો જણ્યો મર્યો હશે, તો એ માતાની આંખોમાં પાણી આવશે. પુત્રની આંખો ઉપર પગ મૂકતાં જનેતા ચીસ પાડશે."

આહીરાણીને બોલાવવામાં આવી. એને કહેવામાં આવ્યું: "જો આ તારો બાળક ન હોય તો એની આંખો પર પગ મૂક."

દેવાયત જાણતો હતો કે આ કસોટી કેવી કહેવાય. એના માથા પર તો સાતે આકાશ જાણે તૂટી પડ્યાં.

પણ આહીરાણીના ઊંડા બળની દેવાયતને આજ સુધી

Website: http://www.allimagetool.com



ખબર નહોતી, એ ખબર આજે પડી; હસતે મોંએ આહીરાણીએ વાહણની આંખો ચગદી. સૂબેદારને ખાતરી થઈ કે બસ, છેલ્લો દુશ્મન ગયો. દેવાયતની પ્રતિષ્ઠા નવા રાજના વફાદાર પટેલ તરીકે સાતગણી ઊંચે ચડી.

૩

પાંચ વરસનો નવઘણ જોતજોતામાં તો પંદર વરસની વયે પહોંચ્યો. એ રાજબાળનું ફાટફાટ થતું બળ તો ભોંયરામાંથી બહાર નીકળવા ચાહતું હતું, પણ દેવાયત એને નીકળવા કેમ દે!

એક વખત તો નવઘણ જબરદસ્તી કરીને ગાડા પર ચડી બેઠો. ખેતરમાં ગયો. દેવાયત ઘેર નહોતો. ખેતરે હતો. નવઘણને જોઈને એને બહુ ફાળ પડી. પણ પછી તો ઇલાજ ન રહ્યો.

સામે જ સાંતી ઊભું હતું; નવઘણ ત્યાં પહોંચ્યો. સાંતી હાંકવા લાગ્યો. થોડે આઘે ચાલતાં જ સાંતીના દંતાળની અંદર જમીનમાં કાંઈક ભરાયું. બળદ કેમેય કરતાં ચાલ્યા નહિ. નવઘણ માટી ઉખેળીને જુએ ત્યાં તો દંતાળની અંદર એક પિત્તળનું કડું ભરાઈ ગયેલું. ઊંચકાતાં ઊંચકાતું નથી. જમીનમાં બહુ ઊંડું એ કડું કોઈ ચીજની સાથે ચોંટ્યું હોય એમ લાગ્યું.

અબુધ બાળકે દેવાયતને બોલાવીને બતાવ્યું. દેવાયત સમજી ગયો. તે વખતે તો સાંતી હાંકી બધાં ઘેર ગયાં, પણ રાતે ત્યાં આવીને દેવાયતે ખોદાવ્યું. અંદરથી સોના-મહોરભર્યા સાત ચરુ નીકળ્યા. દેવાયતે જાણ્યું કે, 'બસ! હવે આ બાળકના સમો આવી પહોંચ્યો.'

દેવાયતે દીકરી જાહલના વિવાહ આદર્યા. ગામેગામના આહીરોને કંકોતરી મોકલી કે, 'જેટલા મરદ હો તેટલા

Website: http://www.allimagetool.com



આવી પહોંચજો, સાથે અક્કેક હથિયાર લેતા આવજો.’

પહાડ સમાં અડીખમ શરીરોવાળા, ગીરના સિંહોની સાથે જુદ્ધ ખેલનારા હજારો આહીરોની દેવાયતને આંગણે જમાવટ થઈ. સહુની પાસે ચકચકતાં ઢાલ, તલવાર, કટારી, ભાલાં એમ અક્કેક જોડય હથિયાર રહી ગયાં છે. કાટેલી કે બૂઠી તલવારને ઘાએ પણ સેંકડોને કાપી નાખે એવી એ લોઢાની ભોગળ સમી ભુજાઓ હતી. આખી નાત આલિદર-બોડીદરને પાદર ઠલવાઈ ગઈ. આપા દેવાયતની એકની એક દીકરીના વિવાહ હતા, આજે એ નાતના પટેલને ઘર આંગણે પહેલો જ અવસર હતો, એમ સમજીને મહેમાનોનાં જૂથ ઊતરી પડયાં. દેવાયતે તેડું મોકલેલું કે, ‘પાઘડીનો આંટો લઈ જાણનાર એકેએક આયર આ સમો સાચવવા આવી પહોંચજો.’ આહીરની આખી જાત હૂકળી.

દેવાયતે આખો ડાયરો ભરીને કહ્યું: “આ મારે પહેલવહેલો સમો છે. વળી હું સોળંકીરાજનો સ્વામીભક્ત છું. આજે મારે ઉંબરે સોરઠના રાજાનાં પગલાં કરાવવાં છે, ભાઈ ઓ! એટલે આપણે સહુએ મળીને જૂનેગઢ તેડું કરવા જાવું છે.”

ઘોડે-સાંઢિયે રાંગ વાળીને હજારો આહીરો ગિરનારને માથે ચાલી નીકળ્યા. આપા દેવાયતની ઘોડીને એક પડખે જુવાનજોધ નવઘણનો ઘોડલો પણ ચાલ્યો આવે છે. રસ્તામાં ગામેગામથી નવા નવા જુવાનો જોડાય છે. ગઢ જૂના લગી જાણ થઈ ગઈ કે દેવાયત એની દીકરીના વિવાહ ઉપર સોલંકીઓને તેડું કરવા આવે છે. સોલંકીઓ પણ આ આહીર વર્ણનો વિવાહ માણવા તલપાપડ થઈ રહ્યા. સોલંકી-ઓનાં ઠાણમાં ઘોડાંએ ખૂંદણ મચાવી.

Website: http://www.allimagetool.com



જૂનાગઢને સીમાડે જ્યારે અસવારો આવી પહોંચ્યા, ત્યારે મહારાજ મેર બેસતા હતા. ગામેગામની ઝાલરો સંભળાતી હતી. ગરવા ગિરનારની ટૂકેટૂકે દીવા તબકતા હતા.

દેવાયતનું વેણ ફરી વછૂટ્યું : "ભાઈઓ, ઘોડાં લાદ કરી લ્યે એટલી વાર સહુ હેઠા ઊતરો. સહુ પોતપોતાનાં ઘોડાં-સાંઢિયાના ઊગટા બરાબર ખેંચી વાળો. અને હૈયાની એક વાત કહેવી છે તેને કાન દઈને સાંભળી લ્યો."

સોય પડે તોયે સંભળાય એવી મૂંગપ ધરીને આહીર ડાયરો ઠાંસોઠાંસ બેસી ગયો. પછી દેવાયતે પોતાની પડખે બેઠેલ દીકરા નવઘણને માથે હાથ મેલીને પૂછ્યું : "આને તમે ઓળખો છો ?"

સહુ ચૂપ રહ્યા.

"આ પંડે જ ડિયાસનો દીકરો નવઘણ. તે દી એને સાટે કપાયો એ તો હતો નકલી નવઘણ. મારો વાહણ હતો એ. જોઈ લ્યો સહુ, આ જૂનાણાના ધણીને."

ડાયરો ગરવા ગિરનારના પાણકા જેવો જ થીજી ગયો હતો.

દેવાયતે કહ્યું : "આહીર ભાઈઓ ! આજ આપણે સોળંકી રાજને વિવાનું તેડું કરવા નથી જતા, પણ તેગની ધાર ઉપર કાળને નોતરું દેવા જઈએ છીએ. પાછા આવશું કે નહિ તેની ખાતરી નથી. દીકરી જાહલનો વિવાહ કરવા હું આજ બેઠો છું એ તો એક અવસર છે. જાહલને હું અટાણે કઈ ઠારકે પરણાવું ? આની મા — મારી ધર્મની માનેલ બોન — મને રોજ સોણે આવીને પૂછે છે કે હવે કેટલી વાર છે ?"

દેવાયતે નવઘણની પીઠ ઉપર હાથ થાબડચો : "જુવાન !

Website: http://www.allimagetool.com



તું મોદળનો ધણી છો. આજ તારે હાથે રાજપલટો કરાવવો છે. ઉપરકોટના દરબારમાં એક કાળજૂનું નગારું પડ્યું છે. જ્યારે જ્યારે ગરવા ગિરનારની ગાદી પલટી છે ત્યારે ત્યારે એ નગારાના નાદ થયા છે. કૈંક જુગનું એ પડ્યું છે. સોળ વરસથી એ અબોલ બેઠું છે. આજ તારી ભુજાઓથી એને દાંડીના ઘાવ દેજે, એકેએક આયર બચ્ચો તારી ભેરે છે."

નવઘણનાં નેત્રો એ અંધારામાં ઝળેળી રહ્યાં. આજ એણે પહેલી પ્રથમ પૂરી વાત જાણી. જુવાનના રોમેરોમમાંથી દૈવતની ધારાઓ ફૂટવા લાગી. એણે પોતાની તેગ ઉપર હાથ મૂક્યો. વહાલો ભાઈ વાહણ તે દિવસે પોતાને સાટે કપાયો હતો, તેનું વેર રાતનાં અંધારાંમાંથી જાણે પોકારી ઊઠ્યું.

"ત્યારે શું? જે મોરલીધર!" દેવાયતે સવાલ પૂછ્યો.

"જે મોરલીધર!" ડાયરાએ બોલ ઝીલ્યો.

કટક ઊપડ્યું. દેવાયતે ઘોડી તારવીને નવઘણનો ઘોડો આગળ કરાવ્યો. પોતે પછવાડે હાંકતો હાલ્યો.

ગીરકાંઠાનો આહીર ડાયરો આજે તેડે આવે છે: ઉપરકોટના દરવાજા ઉઘાડા ફટાક મેલાયા. સોલંકીઓના મોવડીઓ ગીરના રાજભક્ત સાવજોને ઝાઝાં આદરમાન દેવા સારુ ખડા હતા. હજાર આહીરો ઉપરકોટમાં ઢૂકળી રહ્યા, અને મોટા કોઈ અગ્નિકુંડ જેવડું નગારું સહુની નજરે પડ્યું.

"આપા! આવડું મોટું આ શું છે?" નવઘણે શીખવ્યા મુજબ સવાલ કર્યો.

"બાપ! ઈ રાજનગારું. ઈ વાગે ત્યારે રાજપલટો થાય."

Website: http://www.allimagetool.com



"એમ? તઈં તો ઠીક!" કહી નવઘણ ઠેકી પડચો. દાંડી ઉપાડીને મંડચો ધડૂસવા : રડીબામ ! રડીબામ ! રડીબામ! ઉપરકોટના ગુંબજો ગાજ્યા. ગરવો ધણધણી ઊઠચો, અડીકડી વાવમાંથી સામા અવાજ ઊડચા : દીવાલે-દીવાલ બોલી કે, 'આવ્યો! આવ્યો ! કાળદૂત આવી પહોંચ્યો!'

—અને પછી દેકારો બોલ્યો. હજાર આહીરોની દૂધમલ ભુજાઓ તેગભાલે તૂટી પડી. અંધારી રાતે ઉપર-કોટમાં સોલંકીઓના લોહીની નદીમાં પાશેર પાશેરનો પા'ણો તણાયો.

પ્રભાતને પહોર નવઘણને કપાળે રાજતિલક ચોડાયું. આહીરોનાં થાણાં ઠેર ઠેર બેસી ગયાં.

"હાં! હવે મારી જાહલ દીકરીનો વિવાહ રૂડો લાગશે. મારી જાહલના કન્યાદાનમાં હવે મને સ્વાદ આવશે. દીકરીનો પસલિયાત વીર વઢાણો ને એમાં દીકરી કયે સુખે સંસાર માંડત! બાપ, સોરઠના ધણી! હવે તો બોનના હાથે તિલક લેવા આલિદર પધારો."

જાહલબહેન સંસતિયા નામના જુવાન આહીરની સાથે ચાર ફેરા ફરી. લીલુડે માંડવે સોરઠનો ધણી ઊઠીને લગન માણવા બેઠો. જાહલે ભાઈને ટિલાવ્યો. ભાઈએ હાથ લાંબો કર્યો : "બે'ન! કાપડાની કોર આપવી છે."

જાહલ બોલી : "આજ નહિ, વીરા મારા! ટાણું આવ્યે માગીશ. તારું કાપડું આજ કાંઈ હોય! તારા કાપડાનું શું એવડું જ માત્યમ છે મારે?"

નવઘણ સમજી ગયો. બહેનનાં વારણાં પામીને એ જૂનાગઢ ગયો. જોતજોતામાં સોરઠ કડે કરી.

Website: http://www.allimagetool.com



## ૪

દસબાર વરસનો ગાળો નીકળી ગયો છે. દેવાયત બોદડ અને આહીરાણીના દેહ પડી ગયા છે. દીકરી જાહલ અને જમાઈ સંસતિયો પોતાનો માલ ઘોળીને પરમુલકમાં ઊતરી ગયાં છે. સોરઠમાં એવો દુકાળ ફાટચો છે કે ગાયો મકોડા ચરે છે. ગામડાં ઉજ્જડ પડચાં છે. માલધારીઓનાં મવાડાં, કોઈ માળવે, કોઈ સિંધમાં ને કોઈ ગુજરાતમાં નોખનોખાં વાંઢચો લઈ લઈ દુકાળ વરતવા નીકળી પડચાં છે.

નવઘણની તો હવે પચીસી બેઠી હતી. ભુજાઓ ફાટ-ફાટ થતી હતી. ધીંગાણાં વિના ધરાઈ ને ધાન ખાવું ભાવતું નહોતું. સોરઠની ભૂમિમાંથી શત્રુઓને એણે વીણીવીણીને કાઢચા છે. ગરવાનો ધણી નવા નવા રણસંગ્રામ ગોતે છે, ભાલાં ભેડવવા આવનાર નવા શત્રુઓની વાટ જોવે છે. ગીરની ઘટાટોપ ઝાડીઓમાં ઘોડલાં ઝીંકીઝીંકી સાવજના શિકાર ખેલે છે. કરાડો, પહાડો ને ભેખડોનું જીવતર એના જીવને પ્યારું થઈ પડચું છે. હિરણ્ય અને રાવલ નદીના કાંઠા નવઘણના ઘોડાના ડાબલા હેઠળ ખૂંદાય છે. નાંદીવેલા અને વાંસાઢોળની ડુંગરમાળ નવઘણનાં પગલાંને ‘ખમા! ખમા!’ કરતી ધણેણી હાલે છે. સાવજદીપડાની ડણકો, ડુંગરાની ટૂંકેટૂંક ઉપર ઠેકાઠેક, અને ઘુઘવાટા સંભળાવીને પોતાની ભેખડો ઉપર રા’ને પોઢાડતી નદીઓનાં પથ્થર-ઓશીકાં: એ બધાં જુવાન નવઘણના જોબનને લાડ લડાવી રહેલ છે.

એવા સમયમાં એક દિવસ એક ચીંથરેહાલ આદમી ઉપરકોટને દરવાજે આંટા દેવા લાગ્યો. એને અંદર દાખલ થવું હતું. પહેરેગીરે તેને અટકાવ્યો: “શું કામ છે?”

“મારે રા’ને રૂબરૂ મળવું છે.”

“રા’ને પંડચને? રૂબરૂ મળવું છે? તારે ભિખારડાને?” સહુ ખિખિયાટા કરવા લાગ્યા.

Website: http://www.allimagetool.com



"મારે રા'ને સંદેશો દેવો છે. ઢીલ કરવા જેવું નથી. રા'ને ઝટ ખબર આપો."

માણસોએ એને કાલો ગણીને કાઢી મૂકચો. પણ એ આદમી ખસ્યો નહિ; એને એક તરકીબ હાથ લાગી. દોડચો ગયો ગિરનારના શેષાવનમાં. બળબળતા કાળની વચ્ચે પણ જે ઝરણાંને કાંઠે થોડાં થોડાં લીલાં ખડ ઊગેલાં, ત્યાં જઈ પહોંચ્યો. ભારી બાંધીને ઉપરકોટને દરવાજે ઊભો રહ્યો.

નવઘણના ઘોડાના ઠાણિયાઓ દોડચા : "એલા, એ ભારી મને વેચાતી દે! મને દે! મને દે! એવા પોકાર પડચા. સહુને રા'ના નોખનોખા ઘોડાની માવજત સારી કરી દેખાડવી હતી. એવા કાળમાં પોતપોતાના ઘોડાને લીલવણી ઘાસ નીરવાની હોંશ કોને ન હોય?

પણ ભારી લાવનારને જાણ થઈ ચૂકી હતી કે સહુ ઘોડામાંથી ઝપડો ઘોડો નવઘણનો માનીતો હતો. સાત સાત દિવસે રા' ઝપડાનું ઠાણ તપાસવા આવતો. ત્યાં મારે ભેટો થશે એમ સમજીને એ ભિખારી ત્યાં જ ભારીઓ લાવતો હતો. ઝપડા ઘોડાને ખીલે એ સાતમા દિવસે સવારે વાટ જોતો ઊભો રહ્યો.

જુવાન નવઘણ જેવો ઝપડા ઘોડાની પાસે આવ્યો તેવો જ આ અજાણ્યો આદમી સામો જઈ ઊભો રહ્યો. 'રામરામ' કર્યા.

નવઘણે મીટ માંડી. અણસાર એવી લાગી કે જાણે આને ક્યાંક એક વાર દીઠેલ છે. "રામરામ, ભાઈ! કોણ છો? ક્યાંથી આવ્યા છો?"

આદમીએ કાંઈ જ બોલ્યા વિના પોતાના માથા-બંધણાના લીરામાં અમોલખ રત્નની માફક જતનથી બાંધેલ એક કાગળનો કટકો કાઢી રા'ના હાથમાં આપ્યો. મેલાઘેલા

Website: http://www.allimagetool.com



રેળાઈ ગયેલ અક્ષરોને રા'ઉકેલવા લાગ્યો. કાગળના લખાણ ઉપર આંસુના છાંટા છંટવાઈ ગયા હતા. રા'ની આંખો ચમકી ઊઠી. એના હોઠ વાંચવા લાગ્યા. પહેલો સોરઠો વાંચ્યો :

**માંડવ અમારે માલતો, (તે દી) બંધવા, દીધેલ બોલ,**
**(આજ) કર કાપડાની કોર, જાહલને જૂનાના ધણી!**

હે બાંધવ, તે દિવસે મારા લગ્નમંડપ નીચે તું મહાલતો હતો તે વેળા તેં મને કાપડું માગવા કહેલું. મેં કહેલું કે ટાણું આવ્યે માગીશ. હે જૂનાગઢના ધણી, હવે આ બહેન જાહલને કાપડું કરવા આવી પહોંચજે.

"બોન જાહલનો કાગળ?" નવઘણે જુવાનની સામે જોયું. "કોણ, સંસતિયો તો નહિ!"

જુવાનની આંખોમાં ઝળઝળિયાં હતાં. એ અબોલ ઊભો રહ્યો.

"તારી આ દશા, ભાઈ!" કહીને નવઘણ સંસતિયાને ભેટી પડચો. "આ શું છે? તું કેમ કાંઈ કહેતો નથી?"

"કાગળ જ બધું કહેશે."

નવઘણે આગળ વાંચ્યું : સોરઠિયાણી બહેને સોરઠા લખીને મોકલ્યા હતા : એક પછી એક કેવા કારમા ઘા કર્યા છે બહેને :

**નવઘણ, તમણે નેહ, (અમે) થાનોરવ ઠરિયાં નહિ,**
**(કાંઉ) બાળક બાળપ હયે, અણધાવ્યાં ઊઝર્યાં અમે.**

હે વીરા નવઘણ, તારા ઉપરના સ્નેહને લીધે તો હું માતાના થાનોલા (સ્તન) ઉપર ટકી નહોતી. તને ઉછેરવા સારુ તો માએ મને ઝોંટીને આઘી ફગાવેલી. એમ હું તો ધાવ્યા વિના ઊછરી. એમાં મારું બાળપણ શી રીતે બલવંત બને? હું આજ ઓશિયાળી બેઠી છું.

નવઘણને બાળપણ સાંભર્યું.

Website: http://www.allimagetool.com



"અને, હે ભાઈ!

**તું આડો મેં આપિયો, વાહણમાયલો વીર,**
**સમજયે માંય શરીર, નવઘણ નવસોરઠધણી!**

તારી આડે—તારી રક્ષા ખાતર—તો મેં મારા માડીજાયા ભાઈ વાહણની હત્યા કરાવી હતી. હે નવ સોરઠના ધણી નવઘણ, તારા અંગમાં આ વાત તું બરોબર સમજજે!

પણ શું બન્યું છે? બે'નડી ઉપર શી વિપત પડી છે? બહેન આજ આવાં આકરાં સંભારણાં કાં આગળ ધરી રહી છે? પછીનો સોરઠો વાંચ્યો :

**તું નો'તે જે નુઈ, તે તું હુતે હુઈ!**
**વીર, વમાસી જોય, નવઘણ નવસોરઠધણી!**

હે વીરા! તું વિચાર તો કર કે તારા જેવો ભડ ભાઈ જીવતાં છતાં આ બધું આજ મારી ઉપર વીતી રહ્યું છે કે જે તું નહોતો ત્યારે કદી જ નહોતું ભોગવવું પડ્યું. વિધાતાના કેવા વાંકા લેખ!

"હે ભાઈ!

**કૂવે કાદવ આવિયા, નદીએ ખૂટ્યાં નીર,**
**સોરઠ સતાળો પડ્યો, વરતવા આવ્યા વીર!**

સોરઠ દેશમાં સુડતાળો કાળ પડ્યો. નદીમાં ને કૂવામાં નીર ખૂટી ગયાં. અમારાં ઢોરને કોઈ આધાર ન રહ્યો, એટલે અમારે ભેંસો હાંકીને પેટગુજારા સારુ છેક આંહીં સિંધમાં આવવું પડ્યું.

"આંહીં અમારા શા હાલ થયા છે?

**કાબલિયા નજરું કરે, મુંગલ ને મિયાં,**
**અહરાણ કેર પિયાં, નવઘણ નીકળાયે નહિ.**

મારા ઉપર આજે કાબુલી, મોગલો અને મુસલમાન મિયાંઓની મેલી નજર પડી છે. એ લોકોની ચોકી મારા ઉપર મુકાઈ ગઈ છે.

Website: http://www.allimagetool.com



આજ આ અસુરો મારા ઉર ( છાતી ) ઉપર પડચા છે. મારાથી બહાર નીકળાય તેમ નથી રહ્યું. કારણ કે,

**નહિ મોસાળે માવલો, નહિ માડીજાયો વીર,**
**સંધમાં રોકી સુમરે, હાલવા નો દે હમીર.**

મને સિંધના મુસલમાન રાજા હમીર સૂમરાએ આંહીં રોકી રાખી છે. હાલવા નથી દેતો. એની દાનત કૂડી છે, ને હું આજ અસહાય છું, કેમ કે મારે નથી મોસાળમાં વહાલો ( મામો ) કે નથી મારે માનો જણ્યો ભાઈ. એટલે જ મારી આ ગતિ ને !

નવઘણ વાંચી રહ્યો. ડળક ડળક એનાં નેત્રોમાંથી આંસુ દડવા લાગ્યાં. બહેનને મારી પાંતીનું આટલું બધું ઓછું આવ્યું ! કેમ ન આવે ! આજ બહેનના દેહની કેવી વલે થઈ હશે !

નવઘણે સંસતિયાને એકાંતમાં લઈ જઈને આખી વાત પૂછી. સંસતિયાએ માંડીને અથ-ઇતિ કહી : “ માલ લઈને અમે જંગલોમાં નદીકાંઠે નેસ નાખીને પડચાં હતાં. અમે સહુ ચારવા નીકળેલા. વાંસેથી જાહલ તળાવકાંઠે નહાતી હતી. શિકારે નીકળેલા હમીર સૂમરાએ જાહલનાં રૂપ નીરખ્યાં. હેમની પાટચ સરીખા સોરઠિયાણીના વાંસા ઉપર વાસુકિ નાગ પડચો હોય તેવો સવા વાંભનો ચોટલો દીઠો. આહીરાણીનાં ગોરાંગોરાં રૂપ દીઠાં; પહાડપુત્રીની ઘાટીલી કાયા દીઠી; સૂમરો ગાંડોતૂર બની ગયો. જોરાવરીથી વિવાહ કરવા આવ્યો. એની પાસે અપરંપાર ફોજ હતી. અમે બહુ સૂનમૂન થઈ ગયાં. પણ જાહલે જુક્તિ વાપરી : ‘ મારે છ મહિનાનું શિયળવ્રત છે. માતાની માનતા છે. પછી ખુશીથી સૂમરા રાજાનું પટરાણીપદ સ્વીકારીશ.’ એવું કહી ફોસલાવી, છ માસની મહેતલ મેળવી, આ કાગળ લઈ આંહીં મને મોકલ્યો છે. હું છાનોમાનો નીકળી આવ્યો છું.

અવધ હવે ઓછી રહી છે. છ મહિના પૂરા થયે તો જાહલ જીભ કરડીને મરશે, પાપીને હાથ નહિ પડે.

૫

વીરો નવઘણ બહેનની વારે ચડ્યો. મોઢળના ધણીએ નવ લાખની સેનાને સિંધ પર ચલાવી.

[ ૧ ]

*** નવલાખ ઘોડે ચડ્યો નવઘણ સુમરા-ધર સલ્લહે,**
**સર સાત ખળભળ, શેષ સળવળ, ચાર ચકધર ચળવળે,**
**અણરૂપ આયો શંધ ઉપર અળાં રેજ અંબર અડી,**
**નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !**

સુમરાની ધરતીને રોળવા સારુ નવઘણ નવ લાખ ઘોડે ચડ્યો. ભાર થકી સાત સાગરો ખળભળ્યા, શેષનાગ સળવળ્યો અને ચાર ખંડો ડગમગ્યા. આવે રૂપે જ્યારે નવઘણ સિંધ ઉપર આવતો હતો ત્યારે ધરતીની ધૂળ ગગન પર ચડી હતી. હે વાળુ વિનાનાં (ભૂખ્યાં) મનુષ્યોને વાળુ ( રાતનું ભોજન) પૂરનારી દેવી વરૂવડી, હે નરા શાખના ચારણની દીકરી ( નરહી ), તારે પ્રતાપે આમ થયું.

ભેળા ભલભલા વીરભદ્રો છે. નવઘણનો સાળો અચપ પરમાર છે: કાળઝાળ ફરશી ભાટ છે: ગીરના શાદૂળા આહીરો છે: ચૂડાસમા જદુવંશી રજપૂતો છે: રા'ની ધર્મબહેનનાં શિયળ રક્ષવા સારુ આખી સોરઠ ઊમટી છે. નવજવાન નવઘણ પોતાના ઝપડા ઘોડા ઉપર બેઠેલ છે. અને —

---

* આ છંદ સારસી નામનો છે. વરુવડી નામની ચારણદેવી કે જેણે નવઘણને સિંધ પર ચડાઈ લઈ જવામાં સહાય કરી હોવાનું કહેવાય છે એની સ્તુતિનું આ વીરકાવ્ય છે, અને એમાં નવઘણ-વરૂવડીના મેળાપનો ઇતિહાસ સંકળાયો છે. આ કાવ્યની એક પછી એક કડી ટંકાતી આવશે. 'નવ લાખ ઘોડા'ના સૈન્યની વાત અત્યુક્તિભરી લાગે છે.

Website: http://www.allimagetool.com



સહુનાં ઘોડાં મારગે ચાલ્યાં જાય જો ને!
ઓડબીડ હાલે વીરાની રોઝડી રે લોલ!
સહુનાં ઘોડાં પાણી પીતાં જાય જો ને!
તરસ્યાં હાલે વીરાની રોઝડી રે લોલ!

એ દુઃખી બહેનના ભાઈનું ગીત જાણે ઝપડો ઘોડો ભજવી રહ્યો છે. વિમાસણના ઊંડા ઊંડા દરિયામાં ઊતરી ગયેલ નવઘણ બહેનની અવધે પહોંચાશે કે નહિ તેની ફિકર કરે છે અને ઝપડો ઘોડો પણ જાણે કે ધણીની એ ચિંતાને સમજે છે. એકલવાયો ચાલે છે. માર્ગે પાણી પણ પીતો નથી.

એવામાં એક દિવસ બપોરની વેળાએ એક નેસડાનું ઘટાદાર શીળું પાદર આવ્યું. મોરલા અને ઢેલડીઓ ઢૂંગે ઢૂંગે ચણે છે. આસપાસથી ગાયોનાં ગળાંની ટોકરીઓના રણકાર સંભળાય છે. સહુને અચંબો થાય છે કે આ શું! આખી સોરઠ સળગી ઊઠી છે તેમાં આ શીતળ લીલું સ્થાન ક્યાંથી? આસપાસ બીજું કોઈ માનવી નથી. તાજી નાહીને નીતરતી લટો ઝુલાવતી સાત નાની નાની બહેનો વડને થડે 'ઘોલકી ઘોલકી'ની રમત રમી રહી છે. સાતે અંગે કાળી લોબડીઓ ઓઢી છે.

[૧]

બાયુત[1] રમવા વેશ બાળે નેસહુંતે[2] નાસરી,
માહેશ[3] ડાડો, શેષ નાનો, એહ બઉ[4] પખ ઊજળી,
દેશોત[5] નવઘણ જમત જણદન, ચાડય[6] છોટી ચરૂવડી,[7]
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી!

---

૧. બાયૂત–બાઈઓની સાથે. ૨. નેસહુંતે – નેસમાંથી.

૩. માહેશ ડાડો, શેષ નાનો – ચારણી જાતિની ઉત્પત્તિકથામાં શંકર પિતૃપક્ષના પૂર્વજ અને શેષનાગ માતૃપક્ષના પૂર્વજ મનાય છે.

૪. બઉ = બેઉ. પખ = પક્ષો. ૫. દેશોત – દેશપતિ.

૬. ચાડય – ચડાવીને. ૭. ચરૂવડી = કુરડી, કુલડી.

Website: http://www.allimagetool.com



બાળે વેશ પોતાની બહેનપણીઓની સાથે રમવા એ નેસડામાંથી કોણ નીકળ્યો છે? મહેશ જેનો દાદો થાય, શેષનાગ જેને માતામહ થાય, એ રીતે માતૃપક્ષ ને પિતૃપક્ષ બેઉ જેના ઊજળા છે, ને જેણે નાની-શી કુરડી ચૂલે ચડાવીને દેશપતિ નવઘણને તે દિવસે જમાડચો, તે તું જ હતી, હે આઈ વરૂવડી! ભૂખ્યાંને વાળુ કરાવીને, હે સુવાડનારી!

"આ કોનો નેસ?" નવઘણે સાથીઓને પૂછ્યું.

"આ ખોડનો નેસ, સાંખડા નરા નામના ચારણનો."

ત્યાં તો સહુની નજર સૈન્યની સન્મુખ ચાલી આવતી એક કન્યા સામે મંડાઈ ગઈ. કૂડું રૂપ: કાળો વાન: કાળા કાળા લોઢા જેવા આગલા બે દાંત બહાર નીકળી ગયેલા: કાળી લોબડીના ઓઢણાથી મુખમુદ્રા વિશેષ વહરી લાગે છે: પણ ચાલી આવે છે ધીરાં ધીરાં મક્કમ ડગલાં માંડતી. ગગડતા સાગરની તોફાની ભરતી જેવી સેનાનો પણ એને ભો નથી: પહાડ જેવડા તોખારો હડફેટમાં લઈને હમણાં પીલી નાખશે એની એને પરવા નથી: કરડી અંગાર ઝરતી આંખોવાળા પડછંદ હથિયારધારી જોદ્ધાઓ જાણે એને મન મગતરાં છે: અસ્ત્રશસ્ત્રો જાણે એને મન પારણામાં રમવાના ઘૂઘરા, ધાવણી અને પોપટલાકડીઓ છે: એવી એક ગામડાની કુમારિકા, નીતરતો ચોટલો ઝુલાવતી, લોબડીના ચારે છેડા છૂટા મેલતી, હાથ હીંડોળતી, સામે પગલે ને સમી ચાલે ચાલી આવે છે.

"એ બાઈ, તરી જા! છેટી તરી જા!" એવો ચાસકો કોઈએ કટકમાંથી કર્યો.

તોય કન્યા ચાલી આવે છે. મારગની વચ્ચોવચ: મોં મલકાવતી: સામે પગલે.

લગોલગ આવી ગઈ. મોખરે ચાલતા નવઘણે ઝપડાની વાઘ ખેંચી. પહાડ જેવડો ઘોડો થંભી ગયો. કન્યાએ આવીને આઘેથી બે હાથે નવઘણનાં વારણાં લીધાં: "ખમા

Website: http://www.allimagetool.com


મારા વીર! નવ લાખ લોબડિયાળિયુંનાં રખવાળાં તને!"

"કોણ છો, તમે બોન?" નવઘણે પૂછ્યું.

"હું ચારણની દીકરી છું. મારા બાપનું નામ સાંખડો નરો. આંહીં અમારો નેસ પડ્યો છે. મારું નામ વરૂવડી."

"તમે પોતે જ આઈ વરૂવડી! આટલાં બાળ છો તમે, આઈ! હું તો ઓળખી ન શક્યો." એમ બોલી, નવઘણે પાઘડીના છેડો અંતરવાસ નાખી (ગળે વીંટાળી), હાથ જોડી માથું નીચે નમાવ્યું.

"હાં હાં, મારા વીર! બસ, એટલું જ. ગરવાના રખેવાળનું માથું વધારે ન નમે." એમ કહી કન્યાએ હાથ લંબાવ્યા. નાનકડા હાથ રા'ને માથે આંબી ગયા. મીઠડાં લીધાં. દસે આંગળીઓના ટાચકા ફૂટ્યા.

કટકનાં માણસોમાં વાતો ચાલી: આ આઈ વરૂવડી: દેવીનો અવતાર: જન્મ્યાં ત્યારે આગલા બે દાંત લોઢા જેવા કાળા ને મોઢું બિહામણું દેખીને એને ડાકણ ગણી સગાંએ ભોંમાં ખાડો કરીને ભંડારી દીધેલ. બાપ સાંખડો નરો જૂનેગઢ હતા ત્યાં આઈ સોણે આવ્યાં કે, 'મને દાટી છે, આવીને બહાર કાઢો.' બાપે આવીને જીવતાં ખોદી કાઢેલાં: કદરૂપાં ખરાં ને, એટલે નામ વરૂડી (ન રૂડી) પાડ્યું.

"બાપ!" કન્યા બોલી: "ઊતરો હેઠા, શિરામણ કરવા."

"આઈ! હું બહુ જાડે માણસે છું, તમારો નેસ રોટલે પોગે નહિ, ને મારે પોગવું છે ઠેઠ સિંધમાં, બે'ન જાહલની વારે. નીકર મારી બે'ન જીભ કરડશે."

"બધી વાત હું જાણું છું, વીરા! અને હું તુંને તારી અવધ નહિ ચુકાવું. બનશે તો સહાય કરીશ. એક ટંક આંહીં પોરો લઈ ને પછી સહુ ચડી નીકળો. તમારી ફતેહ થાશે, ધરમના રખેવાળ!"

"પણ આઈ! મારું માણસ જાડું છે. તમારો નાનકડો નેસ —"

"પણ તમને નેસમાં કોણ લઈ જાય છે? આ સામે વડલાને થડ, અમે સાતે બોન્યું જમણભાતાં કરીએ છીએ ત્યાં જ શિરામણી કરાવવી છે તમને સહુને."

નવઘણને આ બાળચેષ્ટા ઉપર હસવું આવ્યું: "આઈ, માફ કરો તો ઠીક."

વરૂવડીએ ઝપડા ઘોડાની વાઘ ઝાલી: "નહીં જાવા દઉં. તમને નવ લાખને ભૂખ્યાતરસ્યા જાવા દઈને શું અમે સાત બોન્યું જમણ ભાતાં ખાશું? અતિથિ અમારે આંગણેથી અન્ન વગર કેમ જાય, વીરા મારા! વિચાર તો કર!"

મોખરે એવી રકાઝક ચાલી રહી છે, નવ લાખ તોરિંગો ડાબલા પછાડતા અને લગામો કરડતા ધરતી પર છબી શકતા નથી. કટકના જોદ્ધાઓ પણ આકળા થઈ રહેલ છે, તે વેળા કટકની પછવાડેના ભાગમાં —

[ ૩ ]

દળ[૧] વાટ વહેંતે કિયો દવીઅણ[૨] થાટ[૩] કુણ સર[૪] થંભવે?
મખ[૫] નાટ[૬] બોલ્યો જાટ[૭] મત[૮]સે હાટ બળાહટ કણ હવે?
કે'વે અણ દન[૯] ભાટ ફડચી, ઘાટ અવળે તે ઘડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહીં, વળાંપૂરણ વરૂવડી!

જે વખતે રસ્તામાં સેના થંભી ગઈ તે વખતે ફડચી નામનો એક ભાટ લશ્કરમાંથી પોતાનું મોં જરા મરડીને, ત્રાંસી નજરે ગુમાનથી વરૂવડી સામે જોતો જડ બુદ્ધિનાં ખરાબ વચનો કાઢવા લાગ્યો: "એવી તે શી જરૂર પડી છે કે આખું લશ્કર એક નાની છોકરીને ખાતર થંભી ગયું? આંહીં તે શું કોઈ વેપારીની દુકાન છે કે અનાજ

૧. દળ – લશ્કર ૨. દવીઅણ – દુવેણ, ખરાબ વચન. ૩. થાટ – સેના. ૪. કુણ સર – કોના સારુ. ૫. મખ – મુખ. ૬. નાટ – ખરાબ. ૭. જાટ – જડ, જાડી. ૮. મત – બુદ્ધિ. ૯. અણ દન – એ દિવસે.

Website: http://www.allimagetool.com



હેવા આપણે ઊભા રહ્યા!' એવાં તોછડાં વચન ઉચ્ચારતાં જ ફુડચી ભાટનું મરડાયેલું મોં એમ ને એમ રહી ગયું. સીધું થયું જ નહિ. શા માટે એમ થઈ ગયું તેની ફુડચીને ખબર ન પડી.

નવઘણ આસપાસ નજર કરે છે. "આઈ! આંહીં મારાં ઘોડાંને પાણી પણ —"

"પાણી છે, બાપ, છે. આ પડખે જ મોટો ધરો પડ્યો છે. ઘોડાંને પાણી ઘેરો, છાતીબૂડ ધમારો. માતાજીએ અખૂટ પાણી ભર્યાં છે અમારી મેખિયું (ભેંસો) સારુ. નીકર તો અમે માલધારી આંહીં રહી કેમ શકીએ? અમે તો જળનાં જીવ છીએ, વીરા મારા!"

કાળા સળગતા દુકાળ વચ્ચે પણ સોરઠમાં કુદરતે એક મોટો ઊંડો પાણીધરો આંહીં સંતાડ્યો છે. ચોમેર બળતી લૂ વચ્ચે આંહીં લીલાડું છે, હરિયાળી વડઘટા છે; હેતપ્રીતાળાં આવાં માનવીઓનો વાસ છે. કોઈક પ્રતાપી બાળકી લાગે છે.

એવા વિચાર કરતાં નવઘણે ઝપડાની રકાબ છાંડી. સહુને ઘોડાં ઘેરવા ને ધમારવા હુકમ કર્યો. બધા નાહી-ધોઈ ટાઢા થયા. નજર કરી તો ઘોલકીમાં, નાનકડા ચૂલા ઉપર છ બહેનો કુરડીઓ ચડાવીને માંહીં દૂધ-ચોખાની ખીર રાંધે છે.

નવઘણના મનમાં હતું કે આ હઠીલી ચારણ-પુત્રીઓનાં મન મનાવીને એની પ્રસાદી લઈ ચડી નીકળશું.

"હવે બાપ! પંગતમાં બેસી જાવ!" એમ કહી વરૂવડીએ બહેનને હાકલ કરી: "બોન શવદેવ્ય! ઠામડાં તો ન મળે."

"આ વડલાનાં પાંદ પાડી લઈએ." એમ કહી શવ-દેવ્ય કછોટો ભીડીને કડકડાટ વડલા પર ચડી ગઈ.

Website: http://www.allimagetool.com



[ ૪ ]

**શવદેવ બે'નડ, આપ સમવડ, ચોજ[1] રાખણ વડ ચડી,**
**ત્રાસળાં કીધાં પાન ત્રોડી, ઘણું[2] સમસર[3] તણ ઘડી.**
**તોય[4] કળા વરવડ! ધ્રપે[5] કટકળ, કિયા તૃપતા કૂલડી,**
**નત્ય વળાં નવળાં દિંયણ નરહી, વળાંપૂરણ વરૂવડી!**

પોતાની સમવયની બહેનપણી શવદેવ્ય આબરૂ રાખવા માટે વડલે ચડી. ડાળ ઝાલીને હલાવી. પાંદડાં ખર્યાં. તેના તાંસળાં (વાટકા) બનાવ્યાં. તે વેળાએ દુષ્કાળ વર્ષ હતું છતાં પણ, હે વરૂવડી, તારી કળા થકી તેં એક કુલડીમાંથી આખા કટકને ધાનથી ધરવ્યું.

પંગત બેસી ગઈ. પાંદડાં ઉપર નાની કુમારિકાઓ પીરસવા લાગી. નાની કુલડીઓમાં સેં' પુરાઈ. સહુને ધાન પહોંચી વળ્યું.

*** ખટ સુંદર ચગલી[1] ખડી,[2] સાવળ[3] વાઈ સપ્રે,[4]**
**મરખટ[5] બોરંગ મેં, તેં વાકળિયો[6] વરૂવડી!**

હે વરૂવડી, ચૂલા પર ચરુડી ચડાવીને તેં પ્રીતથી શિરામણ કરવા નવઘણને બોલાવ્યા.

---

૧. ચોજ–આબરૂ. ૨. ઘણું–મોંઘું, દુકાળનું. ૩. સમસર–સંવત્સર, વરસ. ૪. તોય – તારી. ૫. ધ્રપે – ધરાવી, તૃપ્ત કરી દીધા.

* આ બધા સોરઠાને 'સાથેલા' કહેવામાં આવે છે, કેમ કે એમાં એક શબ્દાર્થની અંદર બીજો ખરો અર્થ મૂકેલો છે. દા. ત.,

૧. ખટ – છ } –છરૂડી – રૂડી – કુચરડી. ચગલી – ચુગલી – ચાડી. 'ચાડી'
સુંદર – રૂડી } શબ્દ ચારણી ભાષામાં 'ચડાવી' એ અર્થમાં વપરાય છે.

૨. ખડી – ઊભી રહી. ૩. સાવળ – સાદ. ૪. સપ્રે – પ્રીતથી.

૫. મર – ત્રણ
ખટ – છ
બોરંગ – લાખ } = નવ
મેં – ઘન } = નવ લાખ ઘોડેસવારોવાળો નવઘણ.

૬. વાકળિયો – બોલાવ્યો.

Website: http://www.allimagetool.com



કાજળકાં[૭] ઘડ ઘડ કટક, પાહડકી[૮] ! પોખે,
ચાલી ચોંપ કરે, રૂપાળી! દેવા રજક.

હે નરા ચારણની પુત્રી, તેં નવઘણના આખા સૈન્યને પોષ્યું. ઉતાવળ કરીને તું તારી શકિત બતાવવા ચાલી.

ઘોડાધરો વરૂવડી, નવઘણ ગરનારા,
શિરામણ સેલું કિયું, જે તે જનવારા !

હે વરૂવડી, તેં ગિરનારનાથ નવઘણનાં ઘોડાંને પાણી પીવા સારૂ ઘોડાધરો નામની નદી બનાવી, અને શિરામણ (જમણ)માં તેં બરકત પૂરી. તારા એ અવતારની જય હજો !

આઈ ઉતરતી, કાંસેલી પાંખા[૧] કિયા,
વાનાં[૨] વરણ તણાં, તેં વધાર્યાં વરૂવડી !

હે મા, ચારણજાતિરૂપ વાસણ ઉપર જે કીર્તિરૂપ કંટેવાળો હતો, તે ઘણા દિવસ સુધી સતરૂપી કસોટીના તાપથી ઊતરી ગયો હતો : એ કંટેવાળો તેં ફરીથી ઘાટો કર્યો — આપણા વર્ણની આબરૂ વધારી.

સવારે ઘૃત સેવ, લાલ બપોરે લાપસી,
દૂધે ને ભાતે દેવ્ય, દે વિયાળો વરૂવડી !

હે દેવી વરૂવડી ! સવારે ઘી અને સેવ, બપોરે લાલ લાપસી અને રાત્રિએ દૂધચોખાનું વાળું તું અમને દીધા કરજે !

---

૭. કાજળ – ઘન
 કાં – નાં } = નવઘણના. કટક = સૈન્ય.

૮. પાહડકી – પાડા = વિભાગ. ચારણ જાતિના સાડા ત્રણ પાડા છે, તેમાં પ્રથમ પાડો નરા ચારણનો કહેવાય છે. વરૂવડીના પિતા નરા હતા. આંહીં ' પાહડકી ' શબ્દ વરૂવડીને સંબોધીને વપરાયો છે.

પાહડકી – નરા ચારણની પુત્રી. પોખે – તેં પોષ્યા. ઘડ ઘડ કટક – સૈન્યના પ્રત્યેક શરીરને, અર્થાત્ આખા સૈન્યને.

૧. પાંખો – કંટેવાળો. ૨. વાનાં – ચારણપણું, આબરૂ